RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 254 Dt. 5-1-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# પ્રયાગમાં મહાકુંભ, રાજકોટમાં ખેલ મહાકુંભ : CM






## રમત-ગમત માટેનું બજેટ બે દાયકામા અઢી કરોડથી વધારીને રૂ. ૩૫૨ કરોડ : ૨૦૩૬ના ઓલિમ્પિક્સના ભાગરૂપે ગુજરાત પાંચ જેટલી વર્લ્ડ ક્લાસ ગેઈમ્સના આયોજન માટે પ્રયત્નશીલ

રાજકોટ, તા. ૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેલ મહાકુંભ ૩.ઘનો રાજકોટથી પ્રારંભ કરાવતા સ્પષ્ટ જણાવ્યું કે, રમતવીરોને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડવાની રાજ્ય સરકારની નેમ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રમત-ગમત માટે સાધન સુવિધાઓ, તાલિમ, અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ સરળતાએ મળી રહે તે માટે રાજ્ય સરકારે રમત-ગમત માટેના બજેટમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. ૨૦૦૨માં જે બજેટ માત્ર અઢી કરોડનું હતું તે આજે વધીને રૂ.૩૫૨ કરોડ થયું છે.

એટલું જ નહિ, ૨૦૦૨માં રાજ્યમાં માત્ર ત્રણ સ્પોર્ટસ કોમ્પલેક્ષ હતા આજે ૨૨ જિલ્લામાં ૨૪ સ્પોર્ટસ કોમ્પલેક્ષ છે તેમજ નવા ૧૩ કોમ્પલેક્ષનું બાંધકામ પ્રગતિમાં છે. નારણપુરામાં ૨૨ એકરમાં મલ્ટી યુટિલીટી સ્પોર્ટસ સેન્ટર નિર્માણાધિન છે અને વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે ૨૩૩ એકરમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ એન્કલેવનું નિર્માણ કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીએ ઉમેયુ હતું.

રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.ઘનો રાજકોટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા મંત્રીઓ કુવરજીભાઈ બાવળીયા, ભાનુબેન બાબરીયા અને રજકોટ શહેરના ધારાસભ્યઓ અને મેયર તથા પદાધિકારીઓની ઉપસ્થિતીમાં પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ આગામી અઠવાડીએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થનારા મહાકુંભ પહેલા ગુજરાતમાં શરૂ થઈ રહેલા આ ખેલ મહાકુંભ ૩.ઘને રમત-ગમતનો મહાકુંભ ગણાવ્યો હતો.તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વિશ્વાસ અને ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું છે તેના પરિણામે ૨૦૨૪નું વર્ષ ભારત માટે રમત-ગમત ક્ષેત્રે અનેક ઉપલબ્ધીઓનું વર્ષ બન્યું . મુખ્યમંત્રીએ કહ્યું કે, ૨૦૩૬ના ઓલિમ્પિક્સની યજમાની માટે ભારતને સજ્જ કરવાનું મિશન હવે વડાપ્રધાનશ્રીએ ઉપાડ્યું છે અને ગુજરાત પણ તેમના દિશાદર્શનમાં આ ઓલિમ્પિકના રન અપના ભાગરૂપે ૨૦૨૫, ૨૦૨૬ તથા ૨૦૨૯ એમ ત્રણ વર્ષોમાં પાંચ જેટલી વર્લ્ડ ક્લાસ ગેઈમ્સના આયોજન માટે પ્રયત્નશીલ છે.

તેમણે ખેલ મહાકુંભને ઉત્તરોત્તર મળી રહેલા વ્યાપક પ્રતિસાદની વિગતો આપતાં કહ્યું કે, ૨૦૧૦માં પ્રથમ ખેલ મહાકુંભમાં ૧૬ લાખ ખેલાડીઓ હતા તે આ વર્ષે રેકર્ડ બ્રેક ૭૧ લાખથી વધુ રજીસ્ટ્રેશન થયા છે. વિવિધ રમતોના વિજેતા ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઈનામોથી રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરવાની છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ત્યારથી રાજ્યમાં ખૂણે ખૂણે રમત ગમત ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે. ખેલ મહાકુંભે રાજ્યના ખૂણે ખુણાના બાળકો-યુવાનોને રમત સાથે જોડવાનું કામ કર્યું છે. ડાંગના આદિવાસી વિસ્તારોથી લઈને કચ્છના સરહદી ગામડામાં વસતા બાળકો-યુવાનોને ખેલ મહાકુંભ થકી મોટો મંચ મળ્યો છે. ખેલ મહાકુંભ થકી ગુજરાતને અનેક નેશનલઈન્ટરનેશનલ ખેલાડીઓ મળ્યા છે. ગુજરાતનો ખેલાડી ખેલના મેદાનમાં ઉતરે ત્યારે ભલ ભલાનો પરસેવો છોડાવી દે તેવો સામર્થ્યવાન આ ખેલ મહાકુંભના પરિપાક રૂપે બન્યો છે તેમ તેમણે ગૌરવ સાથે જણાવ્યું હતું.






### ખેલ મહાકુંભ ૨.૦માં વિજેતા શાળાઓને આપ્યું રોકડ પુરસ્કાર

**આ તકે ખેલ મહાકુંભ ૨.૦માં વિજેતા બનેલી રાજ્ય કક્ષાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલી શ્રેષ્ઠ ત્રણ મહાનગરપાલિકાઓનું સન્માન ઉપરાંત પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલા શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓનું સન્માન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.**

### ખેલાડી પાછળ સરકાર રૂ. ૧.૬૮ લાખનો ખર્ચ કરે છે : હર્ષ સંઘવી

**ગુજરાતનો ખેલાડી ખેલના મેદાનમાં ઉતરે ત્યારે ભલ ભલાનો પરસેવો છોડાવી દે તેવો સામર્થ્યવાન આ ખેલ મહાકુંભના પરિપાક રૂપે બન્યો છે તેમ તેમણે ગૌરવ સાથે જણાવ્યું હતું. સ્પોર્ટસની તાલીમ અપાઈ રહી છે. હાલમાં ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ (ડી.એલ.એસ.એસ.) થકી રાજ્યમાં ૫૫૦૦ ખેલાડીઓને તાલીમ અપાઈ રહી છે. એક ખેલાડી પાછળ સરકાર રૂ. ૧.૬૮ લાખનો ખર્ચ કરે છે. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા હાલમાં ૬૨૯ એથ્લિટ્સને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ અપાઈ રહી છે અને એક એથ્લિટ પાછળ સરકાર રૂ. ત્રણ લાખનો ખર્ચ કરવામાં આવે છે. ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના હેઠળ ૫૫ એથ્લિટસને રૂ. ૧.૮૮ કરોડના ઈનામ આપવામાં આવ્યા છે. ખેલ મહાકુંભ 3.0ના શુભારંભ પ્રસંગે ઓલિમ્પિક્સ જેવો ભવ્ય રંગારંગ કાર્યક્રમ, લેસર શો યોજાયો હતો અને આતશબાજી થઈ હતી. જેણે ઉપસ્થિત સૌ લોકોમાં અનોખો જુસ્સો જગાવ્યો હતો.**

આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયા, જ્યારે અતિથિ વિશેષ તરીકે રાજકોટનાં મેયર નયનાબહેન પેઢડિયા, સુરતના મેયર દક્ષેશ માવાણી, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી તેમજ સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. કમલસિંહ ડોડીયા સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ આર. એસ. નીનામા, જી.એસ.આર.ટી.સી.ના એમ.ડી. અનુપમા આનંદ, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, અગ્રણી ભરતભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કેજરીવાલે દિલ્હીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બદલે ''શીશ મહેલ'' બનાવ્યો : શાહ


## ગૃહમંત્રીએ અઅઙ પર આક્ષેપો કરતા કહ્યું કે દિલ્હીમાં સરકાર રહેવાસીઓને પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી શકી નથી, પરંતુ કેજરીવાલે તેમના ચાર સભ્યોના પરિવાર માટે વોટર પ્લાન્ટ પર ૧૪ કરોડ રૂપિયા ખર્ચ્યા છે

નવીદિલ્હી, તા. ૪

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે અરવિંદ કેજરીવાલ પર દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના તેમના લગભગ ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન રાજધાનીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાને બદલે પોતાના માટે ''શીશ મહેલ'' બનાવવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે અઅઙ કન્વીનરને આનો હિસાબ આપવો પડશે. નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની કાર્યકારી મહિલા હોસ્ટેલ - સુષ્મા ભવન -નું ઉદઘાટન કર્યા પછી એક કાર્યક્રમને સંબોધતા શાહે મુખ્યમંત્રી તરીકે કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાનમાં વપરાતી ઘણી મોંઘી વસ્તુઓ અને સાધનોની યાદી આપી હતી અને કહ્યું હતું કે તેણે તેમાંથી કેટલીક વસ્તુઓ વિશે ક્યારેય સાંભળ્યું નથી.

જ્યારે કેજરીવાલ રાજકારણમાં આવ્યા ત્યારે તેમણે સરકારી કાર કે બંગલો નહીં લેવાની પ્રતિજ્ઞા લીધી હતી અને નવા પ્રકારની રાજનીતિ શરૂ કરવાનું વચન આપ્યું હતું. પરંતુ અઅઙ નેતા એક, બે, ત્રણ કે ચાર બંગલાથી સંતુષ્ટ ન હતા અને તેના બદલે તેમણે ૫૦,૦૦૦ ચોરસ યાર્ડ જમીન પર પોતાના માટે ''શીશ મહેલ'' બનાવ્યો, જેના માટે દિલ્હીના લોકોને ₹૪૫ કરોડનો ખર્ચ થયો, એમ તેમણે જણાવ્યું હતું.

ભાજપ કેજરીવાલને નિશાન બનાવવા માટે ''શીશ મહેલ'' શબ્દનો ઉપયોગ કરી રહી છે, જે આલીશાન ઘર માટે હિન્દી શબ્દ છે. ગૃહમંત્રીએ કહ્યું કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) સરકાર રહેવાસીઓને પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી શકી નથી, પરંતુ કેજરીવાલે તેમના ચાર સભ્યોના પરિવાર માટે વોટર પ્લાન્ટ પર ૧૪ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. જી, તમારે કેજરીવાલ દિલ્હીની જનતાને હિસાબ આપવો પડશે. તેઓ તમારી પાસેથી જવાબ માંગે છે, એમ શાહે કહ્યું.



તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે કેજરીવાલ મુખ્યમંત્રી આવાસમાં રહેતા હતા ત્યારે ડિઝાઈનર માર્બલ પર ૬ કરોડ રૂપિયા, મોટરાઈઝ્ડ કર્ટેન્સ પર ૬ કરોડ રૂપિયા, ઓટોમેટિક ડોર પર ૭૦ લાખ રૂપિયા, કાર્પેટ પર ૫૦ લાખ રૂપિયા અને સ્માર્ટ ટીવી પર ૬૪ લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. ખોદી કાઢતા, શાહે કહ્યું કે તેમણે ડ પર શ્રી કેજરીવાલને સૂચન કર્યું હતું કે તેમણે દિલ્હીના લોકોને ''શીશ મહેલ'' ની મુલાકાત લેવાની મંજૂરી આપવી જોઈએ જેથી તેઓ જોઈ શકે કે તેમના મુખ્ય પ્રધાન કેવા ઘરમાં રહે છે.

કેન્દ્રીય મંત્રીએ કેજરીવાલ પર દિલ્હીની દારૂની નીતિ, મોહલ્લા ક્લિનિક્સ, સીસીટીવીની સ્થાપના અને બસ પ્રાપ્તિ સહિત અનેક ભ્રષ્ટાચારના કૌભાંડોની દેખરેખ રાખવાનો પણ આરોપ મૂક્યો હતો. શાહે ભાજપના દિવંગત નેતા સુષ્મા સ્વરાજના વારસાને પણ ટાંક્યો, જેમને તેમણે ''વિપક્ષી વિપક્ષી નેતા'' તરીકે વર્ણવ્યા, જેમને વિવિધ મુખ્ય મંત્રાલયોમાં તેમની સેવા માટે યાદ કરવામાં આવે છે. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિદેશ અને આરોગ્ય મંત્રાલયોમાં સ્વરાજના યોગદાનને ભારતીય સંસદીય ઈતિહાસમાં યાદ કરવામાં આવશે, પરંતુ કેજરીવાલનો વારસો ભ્રષ્ટાચાર અને સ્વાર્થથી કલંકિત રહેશે. શાહે કહ્યું, ''દિલ્હીના લોકો બુદ્ધિશાળી છે અને તેઓ છેતરાશે નહીં.

કેજરીવાલે તેમના કાર્યો માટે જવાબ આપવો જોઈએ.'' તેમણે કહ્યું કે ભાજપ રાષ્ટ્રીય રાજધાનીમાં ''પ્રામાણિક અને જવાબદાર'' શાસન પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# બાંદીપોરામાં સેનાનું વાહન ઊંડી ખીણમાં પડ્યું : ૨ શહીદ

## બાંદીપોરા-શ્રીનગર રોડ પર એસ.કે.પાયેન પાસે વાહન લપસતા દુર્ઘટના ઘટી



રાજકોટ, તા. ૪

ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના એસકે પેઈન વિસ્તારમાં શનિવારે સેનાનું એક વાહન ઊંડી ખીણમાં પડતાં બે સૈનિકો માર્યા ગયા અને અન્ય ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા. બાંદીપોરા-શ્રીનગર રોડ પર એસ.કે.પાયેન પાસે વાહન લપસીને ઊંડી ખીણમાં પડી ગયું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે આ ઘટનામાં પાંચ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ બાંદીપોરામાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.વધુમાં જાણવામાં મળ્યું કે ગંભીર રીતે ઘાયલ ત્રણ સૈનિકોને આધુનિક સારવાર માટે શ્રીનગર ખસેડવામાં આવી રહ્યા છે. બાંદીપોરાની જિલ્લા હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. મસરત ઈકબાલ વાનીએ જણાવ્યું હતું કે, અહીં પાંચ ઘાયલોને લાવવામાં આવ્યા હતા, જેમાંથી ૨ મૃતકોને લાવવામાં આવ્યા હતા, ૩ ઘાયલોની હાલત ગંભીર હતી અને તેમને વધુ સારવાર માટે શ્રીનગર રિફર કરવામાં આવ્યા હતા.

### નહિ જેવી વાતે ઉકળી ઉઠતો માણસ ગમે ત્યારે ગમે તે પરિવારના માળા વિખેરી નાંખેઃ વધુ બે હત્યા

# પારકા ઝઘડામાં વચ્ચે પડેલા છાત્રની છરીના ઘા ઝીંકી હત્યા

## સગીરને જેની પાસેથી પૈસા લેવાના હતાં તે લારીવાળા સાથે એક શખ્સ ઝઘડતો હતોઃ તેને સગીરે મારેલા બે લાફા મોત સુધી દોરી ગયાઃ બીજી ઘટનામાં સિક્યુરીટી ગાર્ડ યુવાનને ગોળીએ ધરબી દેવાયોઃ હત્યારા સીસીટીવીમાં કેદઃ ચોરીના બાઇકનો ઉપયોગઃ એક ઘટનામાં આરોપી પકડાયો, બીજામાં શોધખોળ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રાજકોટઃ લોકો નહિ જેવી વાતે ઉકળી ઉઠતાં હોય છે અને ક્રોધને કારણે ગંભીર ઘટનાને અંજામ આપી દેતાં હોય છે. સામાન્ય વાતે એક બીજા પર તૂટી પડવાની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. તેમાં ઘણીવાર હત્યા સુધી વાત પહોંચી જતી હોય છે. આવી જ એક વધુ હત્યાની ઘટના સામે આવી છે જેમાં પારકાના ઝઘડામાં વચ્ચે પડેલા નવમા ધોરણના વિદ્યાર્થીને છરીના ઘા ઝીંકી રહેંસી નખાયો હતો. પિતાએ ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી કરવા માટે સગીર ઘરેથી નીકળ્યો હતો. એ દરમિયાન જેની પાસેથી પૈસા લેવાના હતાં તે લારીવાળા સાથે બીજો શખ્સ ઝઘડો કરતો હોઇ તેને આ છાત્રએ લાફા મારી દેતાં વાત વણસી હતી અને તેની હત્યા થઇ ગઇ હતી. ઘટનાના સીસીટીવી ફૂટેજને આધારે પોલીસ આરોપી સુધી પહોંચી ગઇ હતી. આ બનાવે ચકચાર જગાવી દીધી છે. બીજા બનાવમાં એક સિક્યુરીટી ગાર્ડની ગોળીએ ધરબી હત્યા થઇ છે. ત્રણ હત્યારા કેમેરામાં કેદ થઇ જતાં પોલીસે તેનું પગેરૂ દબાવ્યું છે.

હત્યાની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરતના નવાગામ ડીંડોલી ખાતે આવેલા પ્રિયંકા ટાઉનશિપ વિસ્તારમાશ્રં બન્યો છે. અહિ રહેતો અને ધોરણ ૯માં અભ્યાસ કરતો ૧૭ વર્ષીય પ્રણવ દરજી પિતા મિલનભાઈએ ઉછીના આપેલા હજાર રૂપિયા લેવા માટે ઘોડિયાવાસમાં દાણા ચણાની દુકાન ચલાવતા શખ્સ પાસે ગયો હતો. જ્યા તેને રૂપિયા એક હજાર રૂપિયાની માંગ લારી વાળા પાસે કરી હતી. દરમિયાન લારીવાળા સાથે વીસ વર્ષીય ગણેશ સૂર્યવંશીની પૈસા બાબતે રકઝક ચાલી રહી હતી. તે દરમિયાન સત્તર વર્ષના પ્રણવે વચ્ચે પડી ગણેશ સૂર્યવંશી સાથે બોલાચાલી કરી તેને બે થપ્પડ મારી દીધી હતી. આ ઘટના બાદ ગણેશ સૂર્યવંશી ત્યાંથી નાસી ગયો હતો.



પરંતુ થોડા સમય બાદ ગણેશ સૂર્યવંશી ચપ્પુ લઈને ફરી લારી પર પહોંચ્યો હતો અને આ ચપ્પુ વડે પ્રણવ ઉપર ઉપરાછાપરી હુમલો કર્યો હતો. આ હુમલામાં -ણવને છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં જમીન પર ઢળી પડ્યો હતો. જે બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પરિવારના સભ્યો પ્રણવને રિક્ષામાં નાંખી નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતાં, જ્યાં ફરજ પરના તબીબો દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બીજી તરફ ઘટનાની જાણ થતા ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આસપાસની દુકાનોમાં લાગેલા સીસીટીવી ફૂટેજના આધારે ગણેશ સૂર્યવંશીની શોધખોળ શરૂ કરી હતી. જેમાં પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપી ગણેશને ઝડપી પાડ્યો હતો.

હત્યાની બીજી ઘટના પણ સુરતમાં બની છે. અહિ મગદલ્લાની ઓએનજીસી કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા યુવકની ભાઠપોર જીઆઇડીસીમાં ચપ્પુના આઠ ઘા મારી હત્યા કરી હતી. પીએમ દરમિયાન મરનારના પેટમાંથી એક બુલેટ મળી છે. જેના કારણે ફાયરિંગ કર્યુ હોવાની વાત સામે આવી રહી છે. જોકે પોલીસે પીએમ રિપોર્ટ આવે પછી આગળની કાર્યવાહી કરાશે. બીજીતરફ રોહિતગીરી મકસુદનગીરીની હત્યા કરનારને શોધવા માટે ઈચ્છાપોર પોલીસની સાથે ક્રાઇમબ્રાંચમાં જોતરાઇ છે. હત્યારાઓએ પહેલા અડાજણ ગેસ સર્કલ પાસેથી બાઇકની ચોરી કરી હતી.

ચોરીની બાઇક પર ત્રણેય હત્યારાઓ ગુરુવારે વહેલી સવારે રોહિતગીરીની હત્યા કરી નાખી હતી. હાલમાં પોલીસને બાઇક બિનવારસી સુરત રેલવે સ્ટેશન પરથી મળ્યું છે, હત્યારાઓ બાઇક મુકી ટ્રેનમાં ભાગ્યા હોવાની વાત છે. આથી હત્યારાઓને પકડવા માટે ક્રાઇમબ્રાંચની ટીમને જે ટ્રેનમાં બેસીને ચાલી ગયા તેની વિગતો મળી ગઈ છે. આથી ક્રાઇમબ્રાંચની ટીમે હત્યારાનો પકડવા પાછળ પડી ગઈ છે. હત્યારા પકડાયા બાદ કારણ બહાર આવશે. પેટમાંથી ગોળી નીકળી હોઇ ફાયરીંગ કરી હતયા કરાયાનું ખુલ્યું છે.

### રાજકોટ જિલ્લાના પ્રાસલામાં સ્વામી ધર્મબંધુજી પ્રેરિત ૨૫મી રાષ્ટ્રકથામાં સહભાગી થતા મુખ્યમંત્રી

# યુવાનો રાષ્ટ્રભાવનાના ગુણોનું અધ્યયન રાષ્ટ્રકથાના માધ્યમથી કરે છે : CM

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત-રાષ્ટ્ર નિર્માણના સંકલ્પમાં યુવાનોનું યોગદાન ખૂબ અગત્યનું

રાજકોટ, તા. ૪

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લાના પ્રાસલામાં સ્વામી ધર્મબંધુજી પ્રેરિત ૨૫ મી રાષ્ટ્રકથામાં સહભાગી થઈ ગુજરાત સહિત વિવિધ રાજ્યોના યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, વિકસીત ભારતના નિર્માણની સંકલ્પ પીઠિકામાં યુવાનોનું અનેક યોગદાન છે. દેશના વિકાસ માટે યુવાનોને મળે સ્કીલ ડેવલોપમેન્ટ થાય તે માટે વડાપ્રધાનના નેતૃત્વમાં અભિયાન ચાલી રહ્યું છે ત્યારે વૈદિક મિશન ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્ર કથાના માધ્યમથી યુવાનોમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય તે માટે સ્વામી ધર્મબંધુજીના માર્ગદર્શનમાં ચાલી રહેલા આ કાર્ય અંગે મુખ્યમંત્રીએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.



ગુજરાતની ધરતી પરથી રાષ્ટ્ર કથા દ્વારા વિવિધ રાજ્યોના યુવાનો રાષ્ટ્રપ્રેમ રાષ્ટ્રભાવના રાષ્ટ્ર વિકાસ અને શ્રેષ્ઠ નાગરિકના ચરિત્ર ઘડતરના ગુણોની કેળવણી લઈ રહ્યા છે તે અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રી શ્રીએ સગૌરવ જણાવ્યું કે આપણે આઝાદીના અમૃત કાળથી શતાબ્દી તરફ ગૌરવભેર આગળ વધી રહ્યા છીએ .

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા આપણે રાષ્ટ્ર માટે- સમાજના વિકાસ માટે અને સર્વ ધર્મ સદભાવના સાથે આગળ વધવાનું છે. મુખ્યમંત્રીએ યુવાનોને પ્રેરણા આપતા જણાવ્યું કે દરેક ધર્મમાં રાષ્ટ્રપ્રેમની વાત છે. સૌનું કલ્યાણ થાય એવી વિભાવના થી રાષ્ટ્ર એકતાની ભાવના મજબૂત બને છે. દેશની આઝાદી માટે શહીદ થયેલા વીરો ને યાદ કરીને મુખ્યમંત્રીએ કહ્યું કે સ્વાતંત્ર વીરો ની શહાદત આપણને દેશ માટે જીવવાની -દેશ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા આપે છે. આઝાદીના લડવૈયાઓ ની વિચારધારામાંથી આપણે પ્રેરણા લેવાની છે. રાષ્ટ્ર કથામાં મનોવૈજ્ઞાનિક- વૈજ્ઞાનિક અભ્યાસ સાથે આદર્શ યુવાનોનું નિર્માણ થાય તે માટે મહાનુભાવોનું જ્ઞાન મળી રહ્યું છે તે અંગે પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રકથામાંથી આપણને રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભાવના ગુણ મળ્યા છે. ભારત યુવાનોનો દેશ છે, ભારતની સૌથી મોટી શક્તિ યુવા શક્તિ છે, આ યુવા શક્તિને ઉજાગર કરવાનું કામ તથા રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું મહત્તમ યોગદાન યુવા આપી શકે તે માટે ધર્મબંધુજી કથાના માધ્યમથી યુવાનોને પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે સ્વામી ધર્મબંધુજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર કથાનો ઉદેશ્ય દેશના યુવાનોમાં રાષ્ટ્રીય અખંડિતતા, રાષ્ટ્રીય ભાવના, એકતા, સામાજિક સમરસતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનુ અને શૈક્ષણિક, વૈજ્ઞાનિક તેમજ બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન કરવાનો છે.

દેશ વૈશ્વિક ફલક પર આગળ વધી રહ્યો છે.જે સંદર્ભે સ્વામીજીએ ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના સમકાલીન હોવાનું આપણને ગૌરવ છે, એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મૃદુતા તથા સરળ સ્વભાવ અને કામ વધુ કરવાની ધગશ ગુજરાતના વિકાસને બુસ્ટ આપવાનુ કામ કરે છે.

આ ઉપરાંત ધર્મબંધુજીએ બાળ ઉછેરના મહત્વના ગુણ તેમજ સાયકોલોજીકલ, મેડિકલ, ઈમોશનલ તથા હેબિટ બ્રેઈન અને કોન્સીસ બ્રેઈનનો અલગ-અલગ ઉંમરમાં પ્રભાવ વિશે વિસ્તૃત વાત કરી રાષ્ટ્ર કથાનો ઉદેશ્ય, સંસ્થા દ્વારા થતા રાહતના કામો વગેરે વિશે માહિતી આપી હતી.રાષ્ટ્રકથામાં જુદા-જુદા રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.



રાષ્ટ્ર શિબિરમાં વિદ્યાર્થીઓના રૂપે આવતીકાલનુ ભારત અહીં છે. સ્વામી ધર્મબંધુજી દેશના જુદા જુદા સ્થળોમાં ફરીને નવા ભારતના નિર્માણ માટે પોતાનું જીવન વિતાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની પ્રગતિ થઈ રહી છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર જનકલ્યાણ તેમજ યુવા ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે તેમ કહ્યુ હતુ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રાંસલા ખાતે શિબિરાર્થીઓની તંદુરસ્તી પ્રદાન કરતા રસોડાની મુલાકાત અને ભારતીય સેનાના આર્ટિલરી, આર્મ્ડ અને ઈન્ફન્ટરી ફોર્સ, હન્ડ્રેડ બટાલિયન રાઈફલ્સ અમદાવાદ, ઈન્ડિયન નેવી તથા ઈન્ડિયન આર્મીના શસ્ત્ર પ્રદર્શન ની મુલાકાત લઈને સેનાના જવાનોને શુભ કામનાઓ પાઠવી હતી.

### ગઠીયાગીરીની ઘટનામાં ક્યારે કોણ કોનો શિકાર કરે તે કહી શકાય નહિઃ વધુ બે ફ્રોડ

# ડોક્ટરે કારના સોદાના નામે યુવાનને આપ્યો 'ઠગાઈનો ડોઝ'

## આઠ લાખ ખાઇ ગયાનો આરોપઃ બીજા કિસ્સામાં કંપનીના ડિરેક્ટરે ઇન્ટરનેટર પરથી કસ્ટમરકેર નંબર શોધી ફોન કર્યો અને ગુમાવ્યા નાણા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૪**

રાજકોટઃ આજના સમયમાં કોણ ક્યારે કોને છેતરી જાય તે નક્કી હોતુ નથી. છેતરપીંડીના સતત વધી રહેલા બનાવો વચ્ચે એક ડોક્ટરે લાખોની ઠગાઇ કરી છે. કારનો સોદો કરી રોકડા લઇ લીધા બાદ ડોક્ટરે કાર ન આપી અને રૂપિયા પણ ખાઇ જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. ઠગાઇના બીજા એક કિસ્સામાં કંપનીના ડીરકેટરે ઇન્ટરનેટર પરથી કસ્ટમર કેર નંબર મેળવી ફોન કરતાં ગઠીયાઓએ તેને એમેઝોન કંપીના નામે સવા બે લાખનો ડામ આપી દીધો હતો.

ઠગાઈની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ ગાંધીધામના નોકરીયાત યુવાન સાથે બન્યો છે. તેની સાથે મીઠી વાતો કરીને વિશ્વાસમાં લઈને ઓછી કિંમતમાં કારનો સોદો કર્યા બાદ પણ મુંદ્રાના ડોક્ટરે પુરી રકમ ન આપતા તેના સામે વિશ્વાસઘાતની કલમો તળે ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીએ ૧૦.૫૦ લાખની કારનો સોદો ૯.૫૦ લાખમાં કર્યા બાદ અન્ય સોદાઓને સામેલ કરાતા ૮ લાખ ન્હોતા આપ્યા. ગાંધીધામ એ ડિવીઝન પોલીસ મથકે વિનોદકુમાર ત્રિભોવનભાઈ જોષીએ આરોપી ડો. જૈનીલ રાજેંદ્રકુમાર ગોર (રહે. સાગર સીટી, મુંદ્રા રીલોકેશન, મુંદ્રા) સામે ગુનો નોંધાવતા જણાવ્યું કે તેની સાથે આરોપીએ મીઠી મીઠી વાતો કરીને વિશ્વાસમાં લઈને પોતાની પત્નીના નામની કિયા સેલટોસ કારનો પ્રથમ સોદો ૧૦.૫૦ લાખમાં નક્કી કર્યા બાદ, તેજ ગાડીનો સોદો ૯.૫૦ લાખમાં નક્કી કરી ફરિયાદીને વીશ્વાસ અને ભરોસો આપીને ફરિયાદીને બીજા સોદા પેટે આરોપીને રોકડા ૪ લાખ, ત્યારબાદ ૫૦ હજાર આપ્યા હતા. કુલ ૧૫ લાખ પેટે આ આરોપીએ પોતાની અલગ અલગ બેંકના ૧૫ લાખનો ચેક આપીને




તે રકમ પેટે ફરિયાદીને ૭ લાખ રોકડ આપી બાકીના નિકળતા ૮ લાખને આજદીન સુધી ન આરોપીને ફરિયાદી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનામાં બોપલમાં રહેતા અચ્યુત પટેલ સાણંદમાં દવા કંપનીના ડિરેક્ટર છે. તેમણે અમદાવાદ ગ્રામ્ય સાઇબર ક્રાઇમમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમણે એમેઝોન પરથી ગ્લેનકેટ પાઉડર ખરીદી, ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કર્યું હતું. તે સમયે તેમનાથી ઓટો ડેબિટ ઓપ્શન સિલેક્ટ થતાં દર મહિને ઓટોમેટિકલી પાઉડરની ખરીદી થતી અને નાણાં એકાઉન્ટમાંથી કપાતાં હતાં. આથી આ સિસ્ટમને બંધ કરવા અચ્યુત પટેલે ઇન્ટરનેટ પરથી એમેઝોન કસ્ટમરકેર નંબર લઈ ફોન કર્યો તો પોતે મનીષકુમાર એમેઝોન કસ્ટમર કેરમાંથી બોલતા હોવાનું કહી, તમારું ઓટો ડેબિટ ઓપ્શન બંધ કરવાની પ્રોસેસ કરવી પડશે કહી વોટ્સએપમાં સ્ક્રીન શેર ઓપન કરાવી ક્રેડિટ કાર્ડના ફોટો મોકલી આપ્યા હતા.

બાદમાં ફોન-પે, બેંક ખાતાંની વિગતો મેળવી લીધી હતી, જે બાદ તમારી -ોસેસ ચાલુ છે કહી ફોન કાપી નાખ્યો હતો તો અચ્યુતભાઈના ફોનમાં પૈસા કપાયાના બે મેસેજ આવતા તેમણે ચેક કર્યું તો ૯૭ અને ૧.૪૨ લાખ મળી કુલ રૂ.૨.૩૯ લાખ બે અલગ અલગ ટ્રાન્ઝેક્શનથી કપાઈ ગયા હતા. આમ વધુ બે ઠગાઈની ઘટના બની હતી. જેમાં એકમાં છેતરનારો સામે જ રૂબરૂ હતો, બીજામાં ઓનલાઇન ગઠીયો કળા કરી ગયો હતો. રોજબરોજ આ પ્રકારની ઠગાઈની ઘટનાઓ બનતી રહે છે. ઘણીવાર લોકો બીજા પર વિશ્વાસને કારણે છેતરાય છે તો ઘણીવાર લાલચમાં આવીને છેતરાઇ જાય છે. ચેતતા રહીએ ફ્રોડથી બચતા રહીએ.

# ભાજપ પ્રમુખપદ માટે શહેરમાં ૨૯-જિલ્લામાં ૨૪ મુરતિયા

## શહેરમાં જૈમન ઉપાધ્યાય,રક્ષાબેન બોળીયા, દેવાંગ માંકડ સહિત અનેકે નોંધાવી દાવેદારી, જયારે જિલ્લામાં અલ્પેશ ઢોલરીયા સહિત અન્ય ઉમેદવારોએ ભર્યા ફોર્મ





રાજકોટ, તા. ૪

ગુજરાત ભાજપના સંગઠન ના નવનિર્માણ માટે જિલ્લા તથા મહાનગરના પ્રમુખોની પસંદગી પૂર્વે રાજકોટ ભાજપમાં શહેર અને જિલ્લાના પ્રમુખ પદ માટે દાવેદારી કરવામાં આવી હતી શહેર ભાજપની જો વાત કરવામાં આવે તો ૩:૩૦ કલાકમાં ૩૩ ફોર્મ ઉપડ્યા હતા જેમાંથી ૨૯ ફેમ જ ભરવામાં આવ્યા. ભાજપે પ્રથમ વખત આ પ્રક્રિયાથી પ્રમુખ સહિતના પદો માટે દાવેદારોની અરજી મંગાવી હતી ત્યારે પ્રદેશ કક્ષાએ નિયુક્ત થયેલા ચૂંટણી નિરીક્ષક માયાબેન કોડનાણીની હાજરીમાં સેન્સ લેવામાં આવી હતી જેમાં મુકેશ દોશી સહિત ૨૯ લોકોએ પોતાની દાવેદારી નોંધાવી. મળતી માહિતી મુજબ પક્ષના કોર્પોરેટરો સહિત તમામ વર્તમાન ચૂંટાયેલા સભ્યો તથા ૭૦ વર્ષથી ઉપરના તમામ દાવેદારી કરી શકે તે નિશ્ચિત કરાતા જ શેર પ્રમુખની જવાબદારી સંભાળવા માટે જે અરજીઓ આવી તેમાં અનેક ઘણો વધારો નોંધાયો છે એટલું જ નહીં ગઈકાલ સાંજે સ્ક્રુટીની કર્યા બાદ આજે સંકલન બેઠક માં આ તમામ નામો અંગે ચર્ચા થશે અને પ્રદેશ સંગઠનને મોકલવામાં આવશે.

એવી જ રીતે રાજકોટ જિલ્લા પ્રમુખ પદ માટે દાવેદારી નોંધવાની પ્રક્રિયા પણ ગઈકાલે થઈ હતી જેમાં રાજકોટ જિલ્લામાંથી આશરે ૨૪ ફોર્મ આવ્યા હતા જેને લઈને શીર્ષ નેતૃત્વ પણ અચંભીત થયું હતું સૌથી વધુ પાંચ પાંચ દાવેદાર રાજકોટ અને કોટડા સાંગાણી તાલુકામાંથી હતા જ્યારે જસદણ અને પડધરી તાલુકા માંથી ચાર ચાર આગેવાનોએ દાવેદારી કરી હતી. રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ પદ માટે ગઈકાલે ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ તેમાં ચૂંટણી અધિકારી આશિષ દવે તથા સ્થાનિક હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. જિલ્લા પંચાયતના વર્તમાન પ્રમુખ અલ્પેશ ઢોલરીયા ગોંડલ તાલુકાના છે ત્યારે તેઓ રીપીટ થવાની અટકરો વચ્ચે અન્ય ૨૪ લોકો પ્રમુખ પદ મેળવવા માટે પોતાની દાવેદારી કરી જેમાં સૌથી વધુ પાંચ પાંચ દાવેદારી રાજકોટ તથા કોટડા સાંગાણી તાલુકામાંથી થઈ.

ગુજરાત પ્રદેશ ચૂંટણી અધિકારી ઉદય કાંગડે જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ પ્રમુખોના નામની જાહેરાત કરવામાં આવશે અને સંભવત ૧૦ જાન્યુઆરી સુધીમાં સમગ્ર પ્રક્રિયા પણ પૂર્ણ થાય તેવી શક્યતા સેવાઈ રહી છે. બીજી તરફ ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી એ જ્યારે પોતાની દાવેદારી નોંધાવી ત્યારે તમામ દાવેદારોને આવકાર્યા હતા અને લોકશાહી ઢબ થી જે નિયુક્તિ કરવામાં આવશે તે પ્રક્રિયાને પ્રોત્સાહિત પણ કરી હતી. મહત્વની વાત તો એ છે કે જ્ઞાતિના સમીકરણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સૌથી વધુ આઠ દાવેદારો બ્રહ્મ સમાજમાંથી છે.

### શહેર ભાજપ પ્રમુખ પદ માટે ઉમેદવારોના નામની યાદી

જયંતિ સરધારા, મુકેશ દોશી, બીનાબેન આચાર્ય, જયમન ઉપાધ્યાય, જીગ્નેશ જોશી, રક્ષાબેન બોળીયા, કશ્યપ શુકલ, અનિલ મકવાણા, અશ્વિન મોલ્યા, નિતીન ભૂત, દિવ્યરાજસિંહ ગોહિલ, પરેશ ઠાકર, પ્રદીપ ડવ, દેવાંગ માંકડ, મનીષ રાડીયા સિધ્ધરાજસિંહ જાડેજા દિનેશ કારીયા શૈલેષ જાની ધર્મેન્દ્ર મીરાણી લાલાભાઈ મીર, દલસુખ જગાણી, કિરણ માકડીયા, કલ્પનાબેન ક્યાડા, અલ્પેશ ડોડીયા, જેડી ડાંગર, માવજીભાઈ ડોડીયા તથા ગંભીરસિંહ પરમારે ઉમેદવારી કરી હતી. જ્યારે વાત કરવામાં આવે તો નિલેશ જલુ, નરેન્દ્ર કુબાવત, વિજય કોરાટ તથા વિનુભાઈ ધવાએ ફોર્મ ભર્યું ન હતું.

### જિલ્લા પ્રમુખ માટે કરવામાં આવેલી દાવેદારી

રાજકોટ ગ્રામ્ય માટે શૈલેષ શિંગાળા, નિતીન ઢાકેચા, બાબુ નસીત, વલ્લભભાઈ શેખલીયા, જ્યારે ગોંડલ માટે અલ્પેશભાઈ ઢોલરીયા, મનીષ ચાંગેલા, કોટડા સાંગાણી માટે પરસોતમ ગજેરા, ધમભાઈ ટીલાળા, દિપક પીપડીયા, અશોક ઠુંમર, ચંદુભાઈ શિંગાળા, પડધરી માટે જગદીશ કપુરીયા, ધીરૂભાઈ તળપદા, પ્રવીણ હેરમા, ભગીરથસિંહ જાડેજા, જસદણ માટે મનસુખ રામાણી અને ભાવેશભાઈ વેકરીયા એ પોતાની ઉમેદવારી નોંધાવી. તો બીજી તરફ લોધિકામાં મનોજ સાકરીયા તથા ચેતનભાઈ રામાણી એ પોતાની દાવેદારી કરી છે. ધોરાજી શહેર માટે પરેશ વાગડિયાએ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું.




રાજકોટ મિરર તંત્રીની કલમે

# વૈશ્વિક ગતકડુ

## બાબા વેંગાની આગાહીઓમાં ભારતના-ગુજરાતના મીડિયા પણ ઢસડાવા લાગ્યા



દુનિયાનો વિનાશ થશે ૨૦૨૫ની ડરાવનારી ભવિષ્યવાણી. આ વર્ષે દુનિયાના વિનાશનો પ્રારંભ થશે, એલીયન્સ પણ પ્રગટ થશે. આવી આગાહીઓ ભારતના-ગુજરાતના મીડિયામાં પ્રકાશિત થઈ છે. બાબા વેંગાના નામથી ચિત્ર વિચિત્ર આગાહીઓનો ભરમાર ચાલે છે અને આપણા મીડિયા ન્યૂઝ સેન્સને તડકે મૂકીને પ્રકાશિત પ્રસારિત કરતા રહે છે.

ભૂતકાળમાં અનેક મહાનુભાવો દ્વારા અનેક વખત દુનિયાના વિનાશની આગાહીઓ થઈ ચૂકી છે. આવા મહાનુભાવોના નાશ થઈ ગયા, દુનિયા મોજથી ધબકી રહી છે. બાબા વેંગા પાંચેક વર્ષથી અચાનક મીડિયામાં પ્રગટી રહ્યા છે. આ વૈશ્વિક ગતકડું છે ભારતીય મીડિયા પણ તેના રવાડે ચઢી ગયા છે.

સૌપ્રથમ જાણવા જેવી બાબત એ છે કે બાબા વેંગા પુરુષ નહીં સ્ત્રી હતા. મોટાભાગના ભારતીય મીડિયાને આ બાબતનો ખ્યાલ નથી. પૂર્વીય યુરોપ દેશોમાં બાબા વેંગાને દિવ્ય વ્યક્તિત્વ તરીકે માનવામાં આવે છે. વેંગાનું મૂળ નામ વેંજેલીયા પાંડેવા ગુસ્ટેરોવા હતું. આ મહિલા જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ હતા. ૧૯૯૬માં તેમનું નિધન થયું હતું. તેમની અનેક આગાહીઓ સાચી પડ્યાના દાવા થાય છે.

બાબા વેંગા દિવ્ય આત્મા હશે. વિદેશમાં આવા વ્યક્તિત્વ જૂજ જોવા મળે છે, તેથી ત્યાં આશ્ચર્યનો વિષય બને છે.

ભારતમાં શેરીએ શેરીએ વેંગાને ટક્કર આપે તેવા ભવિષ્યવેતાઓ ધબકી રહ્યા છે. દેશમાં બાબાઓનો સ્ટોક અધધ છે. આપણે વિદેશી બાબાને આયાત કરવાની જરૂર છે ?

ભારતમાં અનેક દિવ્ય અલૌકિક પાત્રો થઈ ગયા છે. ઋષિમુનિઓ સાધનાના ઉચ્ચ સ્તરે પહોંચીને દિવ્યતા પ્રાપ્તિ કરી હતી. આવા અસંખ્ય પૂજનીઓએ સટીક ભવિષ્ય વાણીઓ કરેલી છે. ભારતના સુધરેલા લોકો આવી આગાહીઓને અંધશ્રદ્ધા ગણે છે. ભવિષ્યવાણીની કોઈ વાત કરે તો પણ તેને ગવાર-પછાત કહીને હાસ્યસ્પદ બનાવાઈ રહ્યા છે. જયંત પંડ્યાઓ તેના પર્દાફાશ કરવા પહોંચી જાય છે. ભારતીય મીડિયાને પોતાની દિવ્યતામાં અંધશ્રદ્ધા ના દર્શન થાય છે અને વૈશ્વિક ગતકડા સમાન બાબા વેંગાને દિવ્ય વ્યક્તિત્વ તરીકે ચગાવે છે. આ વિચિત્ર સ્થિતિ નથી ? બાબા વેંગાની આગાહીઓનો અભ્યાસ કરો તો તારણ નીકળશે કે તેઓએ તમામ આગાહીઓ નેગેટિવ જ કરી છે, દુનિયામાં કંઈ નવું કે સારું થવાનું જ નથી. બીજું તારણ એ પણ નીકળશે કે વેંગાના નામે થતી આગાહીઓ મોટાભાગે ભારત વિરોધી જેવી છે. વેંગાના નામથી ભારત વિરુદ્ધ વૈશ્વિક ષડયંત્ર તો ચાલતું નથી ને ? મહા આશ્ચર્ય તો એ છે કે ગુજરાતના નામી મીડિયાએ તો બાબા વેંગાના નામે રાશિ ભવિષ્ય પ્રકાશિત થયું છે. વેંગા પશ્ચિમી સંસ્કૃતિના છે. તે હયાત નથી. રાશી પદ્ધતિ છે. બાબા વેંગા રાશિ પ્રમાણે ૨૦૨૫ના વર્ષનું અનુમાન કઈ રીતે આપી શકે ? વેંગાના નામે મીડિયામાં લોલમ લોલ ચાલતું હોવાની આ સાબિતી છે. મીડિયા બકવાસ પ્રકાશિત કરીને ખુદના ભવિષ્યની પથારી ફેરવી રહ્યા છે. મીડિયા જગતને હાસ્યસ્પદ બનવાનો શોખ જાગ્યો હોય તેમ નથી લાગતું ?


॥ પ્રેમભકિતના હસ્તાક્ષરે ॥

થાક દરેક વ્યક્તિને લાગે છે વાલા
કોઈકને જિંદગીથી, કોઈને સંબંધોથી,
તો કોઈકને જવાબદારીઓથી
અહીં પ્રત્યેક વ્યક્તિ થાકેલો છે.
પોતાની નૈતિક ફરજો થી.
ઝૂમતા નહીં આવડે તો ચાલશે,
પણ ઝઝુમીયા વગર તો
છૂટકો જ નથી.



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ભારતીય ક્રિકેટ પરિવર્તનનાં દોરમાંથી પસાર થઈ રહ્યું છે

**રોહિત શર્મા અને વિરાટ કોહલીનાં ફોર્મ પર સવાલિયા નિશાનો લાગ્યા છે, રિષભ પંતના બેજવાબદાર શોટ્સ ચર્ચામાં છે. રોહિતે નિવૃત્તિ લઇ લેવી જોઇએ, કપ્તાન તરીકે આ હોવો જોઇએ ને તે હોવો જોઇએ....આ વિષે ચારેકોર ચર્ચા છે, પણ આપણે સમજવું પડશે કે, ભારતીય ક્રિકેટમાં આવું પહેલીવાર બન્યું નથી. અનેકવાર બન્યું છે અને ટીમ મજબૂત બની બહાર આવી છે**



ભારત ઓસ્ટ્રેલિયામાં પછાડાટ ખાઈ રહ્યું છે. છેલ્લો ટેસ્ટ બચ્યો છે. બોર્ડ ગાવસ્કર ટ્રોફી આપણી પાસે રહેશે કે જશે? એ વિષે પ્રશ્નો થાય છે એના કરતા ય વધુ પ્રશ્નો રોહિત શર્મા, વિરાટ કોહલી અને રિષભ પંત વિષે વધુ થાય છે. આ બધા પ્રશ્નોમાં એક વાત નક્કી છે કે, ટેસ્ટ ક્રિકેટ ફાઈનલમાં ભારત પહોચી શકવાનું નથી, બાકી બધું અનિશ્ચિત છે.

ઓસ્ટ્રેલિયામાં ભારતે શરૂઆત સારી કરી પણ પછીથી દેખાવ બગડ્યો તે એટલી હદે કે ઓસ્ટ્રેલીયા ૨-૧થી આગળ નીકળી ગયું છે. અને સિડનીમાં ભારત હાર્યું તો બોર્ડ - ગાવસ્કર ટ્રોફી પણ ભારત પાસેથી જશે. ભારત છેલ્લે બે વાર ઓસ્ટ્રેલીયાને ઓસ્ટ્રેલિયામાં હરાવી ચુક્યું છે. પણ આ વેળા એવું શું બન્યું કે, ભારત પછડાટ ખાઈ રહ્યું છે? આ સવાલે ચર્ચા તો થવી જ જોઈએ.

સૌથી મોટો પ્રશ્ન છે દિગ્ગજ બેટરો દેખાવ અને એમાં ય રોહિત શર્મા ને વિરાટ કોહલી સામે ટીકાનો બાણો છુટ્યા છે. આ બન્ને દિગ્ગજ ખેલાડીઓ છે અને બંને આંતર રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ દેખાવ કરી ચુક્યા છે અને દુનિયાના દરેક દેશો સામે તેઓ ઉત્તમ રમ્યા છે. પણ બંને હવે એમની કારકિર્દીનાં આખરી પડાવમાં છે. બંને ફોર્મમાં નથી. ટેસ્ટ ક્રિકેટમાં એમનો દેખાવ છેલ્લા એક વર્ષથી નબળો રહ્યો છે. રોહિત શર્મા ઓસ્ટ્રેલિયામાં એક ટેસ્ટ પૂરો થયા બાદ ટીમ સાથે જોડાયો પણ એ પછી એક પણ સારી ઈનિંગ રમ્યો નથી. વિરાટે એક સદી ફટકારી બાકી એ પણ ઓફ સ્ટમ્પ બહાર જતા દડા સાથે છેડછાડ કરવામાં આઉટ થઇ જાય છે. અને એ કારણે ટીમનો સ્કોર ઓછો રહે છે. હા, યશશ્વી અને રાહુલ કે પછી પંત અને રેડ્ડીએ ઠીક દેખાવ કર્યો છે પણ એ વિજય માટે પુરતો નથી

બીજી બાજુ, બોલિંગ સેક્શનમાં બુમરાહ પર આખી ટીમ નિર્ભર બની ગઈ છે. સિરાજ સારો બોલર છે પણ બાકી કોઈ ફાસ્ટ બોલર સફળ થયા નથી. સોઈન મોરચે અશ્વિને એકાએક નિવૃત્તિ લીધી છે અને રવીન્દ્ર જાડેજા એટલો સફળ થયો નથી. સુંદર સારો સાથ આપે છે. આ રીતે તો ઓસ્ટ્રેલિયામાં ઓસ્ટ્રેલીયાને ના જ હરાવી શકાય.

હવે સવાલ એ છે કે, ટીમનું કોમ્બીનેશન કેવું

**ખબર ની KHABAR — કૌશિક મહેતા**

હોવું જોઈએ? પ્રેક્ષકો અને કૈક અંશે તો સમીક્ષકો પણ ક્રિકેટ ખેલાડીઓને આડે હાથ લે છે. અને મેલબોર્નમાં હાર્યા બાદ કોચ ગૌતમ ગંભીરે પણ ડ્રેસિંગ રૂમમાં કહી દીધું કે, બસ, બહુ થયું.... પણ સ્થિતિ શું છે? સૌથી પહેલા એ સમજી લેવા જેવું છે કે, ટીમ ઇન્ડીયા પરિવર્તનનાં દોરમાં છે. અને આવું પહેલીવાર બન્યું નથી , અગાઉ અનેકવાર બન્યું છે.એક સમયે ભારતની ટીમમાં સચિન, લક્ષ્મણ, દ્રવિડ અને ગાંગુલી હતા અને એ જશે તો શું થશે? એવા સવાલો થતા હતા. પણ એ ગયા અને ભારતની ટીમ ફરી બની અને એ માટે મહેન્દ્રસિંહ ધોનીને યશ આપવો જોઈએ. અને અગાઉ એવું જ કામ સૌરવ ગાંગુલીએ કરેલું. રોહિત , કોહલી, યુવરાજ, ચેતેશ્વર, રાહુલ સહીત ઘણા બધા ખેલાડીઓ આવ્યા અને છવાઈ ગયા. બોલિંગ ક્ષેત્રે બુમરાહ, સીરાજ, શમી, રવીન્દ્ર અને અશ્વિન આવ્યા. ટીમે ચમત્કાર કરી બતાવ્યા. ટી-૨૦માં ભારત ચેમ્પિયન બન્યું. યુવા ખેલાડીઓએ આ સિદ્ધિ અપાવી. પછી વન ડે વર્લ્ડ કપ ભારત જીત્યું. ટેસ્ટમાં નંબર વન ટીમ બની રહી. ચેમ્પિયન ટ્રોફી અને એશિયા કપ પણ જીત્યા. અને સૌથી મહત્વની વાત એ છે કે, ઓસ્ટ્રેલીયાને સતત બેવાર હરાવ્યું. આવું ભારતીય ક્રિકેટમાં પહેલીવાર બન્યું.

પણ હવે રોહિત શર્મા, વિરાટ કોહલી નબળા પડ્યા છે. રોહિતની બહુ ટીકાઓ થઇ કારણ કે, એ પહેલા ટેસ્ટમાં નહોતો અને ત્યારે યશસ્વી અને રાહુલે સારો દેખાવ કર્યો અને બાદમાં બીજા અને ત્રીજા ટેસ્ટમાં રોહિત છઠ્ઠા ક્રમે આવ્યો પણ એનો દેખાવ નબળો રહ્યો અને ચોથા ટેસ્ટમાં એ ઓપનીંગમાં આવ્યો પણ ફેઈલ. એટલે બહુ બધી ટીકાઓ થઇ અને આખરે આખરી ટેસ્ટમાં એ રમતો નથી. કપ્તાન હોય અને એ ટીમમાં ના રહે એવો કદાચ પહેલો બનાવ છે. હવે એ ટેસ્ટ સીરીઝ પૂરી થયા બાદ ટેસ્ટમાંથી ટી-૨૦ની જેમ નિવૃત્તિ જાહેર કરે એવી પૂરી શક્યતા છે.આવું પહેલીવાર બન્યું નથી. ૨૦૧૪માં ઇંગ્લેન્ડમાં ભારત ખરાબ સ્થિતિમાં હતું ત્યારે એકાએક ધોનીએ નિવૃત્તિ જાહેર કરી દીધી. કુંબલેએ પણ નિવૃત્તિ જાહેર કરી હતી. ધોનીએ નિવૃત્તિ લીધી. વિરાટ કોહલીએ પણ કપ્તાની છોડી. રોહિત શર્માએ કપ્તાની સંભાળી. હવે એ ય જશે. કોઈ બીજું આવશે. આ જ સીરીઝમાં આર અશ્વિને એકાએક નિવૃત્તિ લીધી. એ ચોંકવનારું પગલું હતું. રોહિત હોય કે, અશ્વિનને માનભેર નિવૃત્તિ મળવી જોઈએ. જેમ સચિનને મળી હતી.

પણ આ ટીમ માટે સંક્રાતિ કાળ છે. જુના દિગ્ગજો વિદાય લે છે અને નવા એમનું સ્થાન લે છે. હા, બીજો સચિન કે બીજો કોહલી કે બીજો ધોની નથી જ મળવાનો. પણ કોઈને કોઈ તો આવશે જ જે ટીમને સંભાળશે અને આગળ લઇ જશે. બુમરાહ અત્યારે કપ્તાન છે. આગળ એ નાં પણ હોય. સૌરભ પંતનું નામ ચર્ચામાં હતું પણ ઓસ્ટ્રેલીયામાં એણે જે રીતે બેજવાબદાર શોટ રમી ટીમને મુશ્કેલીમાં મૂકી એ કારણે એને જવાબદારી ના પણ સોંપાય. બુમરાહને થોડો સમય અજમાઇશ કરી શકાય. આવા પ્રયોગો થાય, થવા જોઈએ. એમ તો ઓસ્ટ્રેલીયામાં ચેતેશ્વર પુજારા બધાને યાદ આવ્યો. ગંભીરે એની માટે ડીમાંડ પણ કરી હતી પણ પસંદગીકારોએએ ના સ્વીકારી. આવું બનતું રહે છે. એમ તો ગંભીરની કામ કરવાની પદ્ધતિ સામે પણ કેટલાક લોકો વાંધો ઉઠાવે છે.પ્રશ્નો છે પણ સવાલમાં જ જવાબ છુપાયો હોય છે. એ દિશામાં કામ કરવું પડે છે. આપણે ટીમમાં વિશ્વાસ રાખવો પડશે. પ્રયોગો થતા રહેશે અને એમાંથી જ નવી ટીમ બનશે. થોડી રાહ જોવી પડશે.

# વિવિધ કૃષિ પેદાશોના રકમ વચ્ચેના તફાવતને ઘટાડવા કૃષિ પ્રધાનની સુચના

**બજેટ બેઠક દરમિયાન રાજ્યોના કૃષિ પ્રધાનોને સંબોધિત કર્યા : ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમત અને ખેડૂતો દ્વારા પ્રાપ્ત થતી રકમ વચ્ચેના તફાવત થવો જોઈએ દૂર**



નવીદિલ્હી, તા. ૪

કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે રાજ્ય સરકારો પાસેથી ફળો અને શાકભાજી સહિત વિવિધ કૃષિ પેદાશો માટે ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમત અને ખેડૂતો દ્વારા પ્રાપ્ત થતી રકમ વચ્ચેના તફાવતને ઘટાડવા સૂચનો માંગ્યા છે. તેઓ શનિવારે પ્રી-બજેટ બેઠક દરમિયાન રાજ્યોના કૃષિ પ્રધાનોને સંબોધિત કરી રહ્યા હતા. હું તમારી સાથે બીજા વિષય પર ચર્ચા કરવા માંગુ છું. અમે આ મુદ્દા પર પણ ગંભીરતાથી વિચાર કરી રહ્યા છીએ. ખેડુતને શાકભાજી, ફળો અને અન્ય ઉપજ સહિતની તેની પેદાશોની ઓછી કિંમત મળે છે જ્યાં તે તેને ઉગાડે છે, પરંતુ જ્યારે તે મોટા શહેરોમાં પહોંચે છે, ત્યારે તે ગ્રાહકો માટે ખૂબ મોંઘું બની જાય છે. આપણે આ અંતર કેવી રીતે ઘટાડી શકીએ? આપણે બધાએ આનો વિચાર કરવો જોઈએ, ચૌહાણે કહ્યું. ચૌહાણે જણાવ્યું હતું કે પરિવહન ખર્ચના બોજને ઘટાડવા માટે, એવું નક્કી કરવામાં આવ્યું છે કે સરકારી એજન્સીઓ NAFED દ્વારા ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરાયેલ ડુંગળી, ટામેટા અને બટાટા જેવી કૃષિ પેદાશો માટે પરિવહન ખર્ચ સરકાર ઉઠાવશે. તેણે કહ્યું કે તેના મનમાં આવા ઘણા સૂચનો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તાજેતરના અભ્યાસના તારણોના પગલે ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમત અને ખેડૂતો દ્વારા મેળવેલી રકમ વચ્ચેના તફાવતને ઘટાડવા માટે રાજ્યો પાસેથી સૂચનો મેળવવા માટે ચૌહાણનું પગલું મહત્ત્વપૂર્ણ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, જથ્થાબંધ વેપારીઓ અને છૂટક વિક્રેતાઓ બજારમાંથી શાકભાજી અને ફળો ખરીદવા માટે ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી રકમનો લગભગ ૨/૩ ભાગ ખિસ્સામાં છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા શાકભાજી, કઠોળ અને ફળોની ફુગાવા પર હાથ ધરાયેલા અભ્યાસ મુજબ, ત્રણ મુખ્ય શાકભાજી, ટામેટા, ડુંગળી અને બટાટા માટે ગ્રાહક રૂપિયામાં ખેડૂતોના હિસ્સાના વિશ્લેષણમાં જણાવાયું છે કે ખેડૂતો ગ્રાહકો છે.

તેઓ જે કિંમત ચૂકવી રહ્યા છે તેના માત્ર ત્રીજા ભાગની કિંમત મેળવી રહ્યા છે. અભ્યાસમાં જણાવાયું છે કે ગ્રાહકોના રૂપિયામાં ખેડૂતોનો હિસ્સો ટામેટા માટે આશરે ૩૩ ટકા, ડુંગળી માટે ૩૬ ટકા અને બટાકામાં ૩૭ ટકા હોવાનો અંદાજ છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

### વાંચન વિશેષ

# વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો એટલે કુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થાય છે



૧૩ જાન્યુઆરીથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ માં કુંભ મેળો શરૂ થવાનો છે, અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ માં સમાપ્ત થશે. આ પહેલાં ૨૦૧૯ માં ઉતરપ્રદેશના પ્રયાગ રાજમાં કુંભનું આયોજન થયું હતું. ૧૩ જાન્યુઆરી એ પોષ પૂર્ણિમા છે, અને એ દિવસથી કુંભની શરૂઆત થાય છે. લાખો હિન્દુ સનાતની ભક્તો આ કુંભમેળામાં શાહી સ્નાન માટે ઉમટી પડશે! કુંભ મેળો એ ભારતીય સનાતન સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે, અને એમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે. આજકાલ તો વિદેશીઓ પણ આ કુંભમેળામાં આવી આપણી સંસ્કૃતિનો દિવ્ય નજારો માણે છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે ત્રણ નદીઓ એટલે કે ગંગા યમુના અને સરસ્વતીની ત્રિવેણી પર આ કુંભનું આયોજન થયેલ છે. કુંભ મેળો ઉત્તરાખંડ હરિદ્વાર, ઉત્તર પ્રદેશ પ્રયાગરાજ, મધ્યપ્રદેશ ઉજ્જૈન, અને મહારાષ્ટ્રમાં નાસિક ખાતે યોજાય છે. કુંભ દર ત્રણ વર્ષને અંતે યોજાય છે, દર ૬ વર્ષે યોજય છે એને અર્ધ કુંભ કહેવાય છે, ૧૨ વર્ષે પૂર્ણ કુંભનું આયોજન થાય છે, અને દર ૧૪૪ વર્ષે યોજાય એ મહાકુંભ કહેવાય! પણ ગમે તે કુંભ હોય ભક્તો માટે ભગવાનનાં દિવ્ય દર્શન કરી ચૂકેલા સંન્યાસી સાથે સત્સંગનો સોનેરી અવસર છે.

આમ કુંભ મેળો એ સાધુ સંન્યાસ, અને સંસારી ઓને જોડતી એક પવિત્ર ધારા છે, અને એટલે જ સંસારીઓને પણ કુંભમાં શાહી સ્નાન કરવાથી સંન્યાસીઓ જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે, એવી એક લોકવાયકા પણ આની સાથે જોડાયેલી છે. કઈ કેટલાય સાધુ સંતોના દર્શન અને હરિ કથામૃતનો લાભ કુંભ મેળામાં મળે છે. સંતો ઈશ્વર અવતારની લીલા ઓનું જુદું જુદું ચિંતન કરી ઈશ્વર તત્વના રહસ્યને હળવું કરવા મથે છે. બે અલગ સાધુઓ વચ્ચે શાસ્ત્રાર્થ પણ થાય છે તેમજ પૌરાણિક શાસ્ત્રો પર ટિપ્પણી પણ થાય છે. સંધ્યાનાં સમયે ત્રિવેણી પર કેટલાએ દિપકો તરતા મૂકવામાં આવે છે અને આ નજારો વાતાવરણને અલૌકિક દિવ્યતાથી ભરી દે છે. સૌ પોતાના સંઘ સાથે આવે છે અને નિત્ય ભજન નિત્ય પ્રાર્થના તેમજ નિત્ય સ્નાન ના મહિમાથી કુંભ મેળાનું દિવ્ય તેજ પ્રાપ્ત કરે છે. ભારતીય સનાતન સંસ્કૃતિની કોઈપણ વાત હોય પરંતુ એની સાથે ધર્મ અને પૌરાણિક કથા જોડાયેલી હોય છે અને આ રીતે કથાનક ના માધ્યમથી સૌ ભક્તો પોતાની આસ્થાને પ્રબળ બનાવે છે.

કુંભ શબ્દ પ્રયોગ છે! એટલે બહુ સ્વાભાવિક જ કુંભ કે ઘડા સાથે જોડાયેલી દંતકથા છે. સમુદ્ર મંથન થયું અને એમાંથી ૧૪ રત્નો બહાર આવ્યા, છેલ્લે અમૃત કુંભ બહાર નીકળ્યો! અમૃત એટલે અમર કરનારું તત્વ! દેવ હોય કે દાનવ અહીં સૌને પોતપોતાના ભોગ ભોગવવા વધુ ને વધુ જીવવું હોય! એટલે દેવ તથા દાનવો કોણ તેનાં ખરાં અધિકારી છે એ વિશે આંતરિક વિવાદ કરી રહ્યા હતા અને ત્યાં ઈન્દ્ર પુત્ર જયંત આ અમૃત કુંભ લઈને ભાગ્યો. જયંત ને ભાગતો જોઈ દેવ અને દાનવ બંને વર્ગ અમૃત કુંભ મેળવવા જયંત પાછળ દોડવા લાગ્યા અને આ ઝપાઝપીમાં એ અમૃત કુંભ માંથી આ ચાર સ્થાન પર અમૃત બિંદુ ઓ પડ્યા અને એટલે ત્યારથી આ ચાર સ્થાન ને પવિત્ર તીર્થ માનવામાં આવે છે અને અહીં દર બાર વર્ષે પૂર્ણ કુંભ ભરાય છે તેમજ દર ત્રણ વર્ષે આંશિક કુંભ ભરાય છે! અર્ધ કુંભ છ વર્ષે ભરાય છે. પણ ૧૨ વર્ષ શું કામ? કારણકે દેવ દાનવો નું એ યુદ્ધ ૧૨ દિવસ ચાલ્યું હતું, ત્યાં નો એક દિવસ એટલે પૃથ્વી પરનું એક વર્ષ એમ ગણતરી કરી ને ૧૨ વર્ષે કુંભ ભરાય છે.

આ અમૃત કુંભની ખેંચાખેચીમાં ૧૨ જગ્યાએ અમૃતનાં છાંટા પડ્યા હતા એમાંથી આ ચાર પ્રમુખ સ્નાન નો મહિમા ગવાયો છે. જ્યારે જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગુરુ ગ્રહને ૧૨ રાશિ ફરતે પરિભ્રમણ કરતા ૧૨ વર્ષ થાય છે અને એટલે ૧૨ વર્ષના સમયને પસંદ કરવામાં આવ્યો છે. પૂર્ણ કુંભ ચાર માસ ચાલે છે, અને ઘણાં સાધુઓ કુંભ દરમિયાન અહીં જ તંબુ બનાવીને રહે છે.

કુંભ માં ત્રિવેણી સંગમમાં સ્નાનનું બહુ જ મહત્વ છે, અને એથી જ પંચાંગ મુજબ અમુક ચોક્કસ તિથિનું મૂહુર્ત જોવામાં આવે છે, અને એને શાહી સ્નાન કહેવામાં આવે છે. આ વખતે શાહી સ્નાનના છ મૂહુર્ત કાઢવામાં આવ્યા છે. પ્રથમ મૂહુર્ત કુંભના પ્રારંભે એટલે કે ૧૩ જાન્યુઆરી પોષ પૂર્ણિમા ને દિવસે છે, બીજું શાહી સ્નાન ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ ને દિવસે. ત્રીજું શાહી સ્નાન ૨૯ જાન્યુઆરી મૌની અમાવસ્યા. ચોથું શાહી સ્નાન ૩ ફેબ્રુઆરી વસંત પંચમી એ છે. પાંચમું ૧૨ ફેબ્રુઆરી માઘ પૂર્ણિમા, અને છેલ્લું શાહી સ્નાન ૨૬ ફેબ્રુઆરી શિવરાત્રી એ થશે અને ત્યારબાદ કુંભ વિસર્જન થશે. આ વખતે કુંભનો પ્રારંભ રવિ યોગથી થયો છે અને એટલે સ્નાન અને દાન બંને નું મહત્વ છે. સ્નાનનો સમય ૭.૧૫ થી ૧૦.૩૮ સુધીનો છે.

પૌરાણિક કથામાં કેટલું સત્ય છે એ આપણે જાણતા નથી, પણ સમુદ્ર મંથનમાં કાલકૂટ નામનું હળાહળ વિષ પણ નીકળ્યું હતું, અને એ આપણા ભોલેનાથ મહાદેવ એ પીધું હતું! અમૃત એટલે જે મૃત નથી એ અથવા અજન્મા છે એ, પણ અમૃતનો એક અર્થ અનંત આનંદ કે પરમાનંદ પણ છે! આ અર્થ ગુરુ કૃપાથી મારા મનમાં સતત ઘૂમી રહ્યો હતો, અને એને ટેલી કરવા મેં ગુગલ સર્ચ કર્યું તો, ગિરિશ દેસાઈ એ પણ આ વાતનું સમર્થન કર્યું, અને આશ્ચર્યની વાત તો એ છે કે, એને પણ લખતાં લખતાં જ આ અર્થ સુઝ્યો! તો મૂળમાં પરમાનંદની પ્રાપ્તિ તો ત્યારે જ થશે જ્યારે આપણે આપણું વિષ ભગવાન શંકરને આપી દઈએ. ઉત્તરાખંડ તો શિવ પ્રદેશ છે અને સૌથી પ્રસિદ્ધ કેદારનાથ છે, ઉજ્જૈન માં મહાકાલ છે, પ્રયાગરાજ એટલે વારાણસીનું કાશી વિશ્વનાથ મંદિર, અને નાસિકમાં ત્રંબકેશ્વરનું જ્યોતિર્લિંગ છે. એટલે પૂર્ણ શ્રદ્ધાથી શાહી સ્નાન તો શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરીશું! પણ સાથે સાથે સમય સંજોગ અને સંસારી સંબંધો ગત સમસ્યાનું વિષ ભગવાન અજન્મા આશુતોષને અર્પણ કરીને પરમાનંદ સ્વરૂપે અમૃતને પ્રાપ્ત કરી મોક્ષ અથવા તો ક્યારેય ન ખત્મ થાય એવું પુણ્ય પ્રાપ્ત કરીએ!

મહાત્મ્યની રીતે કે પછી જે કોઈ ગણતરીની રીતે ઠીક છે, પણ કુંભ તો અપૂર્ણ કે અર્ધ પૂર્ણ કંઈ રીતે હોય શકે? પણ મને લાગે છે કે આપણે આધ્યાત્મિક રીતે દેહને પણ ઘટ અથવા કુંભ કહીએ છીએ તો માનવ જન્મ વખતે ઈશ્વરે તો પૂર્ણ કુંભ તરીકે જ પૃથ્વી પર એની સ્થાપના કરી હતી, પણ પછી આપણે એમાં જે મલિનતા ભરી છે, એ મલિનતા કુંભના શાહી સ્નાનથી દૂર કરવા માટેની એક વ્યવસ્થા હોય શકે! એટલે કે હપ્તે હપ્તે પવિત્ર થતાં રહેવું!:તો જીવની મોક્ષ તરફ ગતિ થઈ શકે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### લેભાગુઓ લાલચ આપી લોકોનો ગરીયો ફેરવી નાખતા હોવાની વધુ બે ઘટનાએ ચોંકાવ્યા

# લગ્નવાંચ્છુ વિધુરને બે મહિલા લગાવી ગઈ નવ લાખો ચૂનો

### બીજી વાર પરણવા જાહેરખબર છપાવી હોઈ બે ઠગ મહિલા કન્યા બતાવવાના નામે ઘરે આવીઃ વિધુરને દવા લેવાના બહાને બહાર મોકલી હાથફેરો કરી છુ થઈ ગઈ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રાજકોટઃ છેતરપીંડની ઘટનાઓ યથાવત રહી છે. વધુ બે કિસ્સા સામે આવ્યા છે જે લોકો માટે લાલબત્તી સમાન છે. એક બનાવમાં લગ્ન માટે એક વિધુરે ન્યુઝ પેપરમાં જાહેરાત છપાવી હોઈ બે મહિલા એક કન્યા દેખાડવાના બહાને ઘરે આવી આ વિધુરને છેતરી સાડા આઠ લાખ રોકડા અને સોનાનો ચેઈન લઈ છુમંતર થઈ ગઈ હતી. બીજા કિસ્સામાં ભીખ માંગાવ આવેલી બે મહિલાએ જમીન ખોદતા સોનાની મગમાળા મળી છે છે જે સસ્તામાં આપવાની છે કહી મહિલાને સવા લાખમાં છેતરી લીધા હતાં. બીજા બનાવમાં બીજા

વિગતો પર નજર કરીએ તો એલિસબ્રિજ વિસ્તારમાં સુડતાલીસ વર્ષીય વિધુર સાથે લગ્ન કરવાની વાત કરવા આવેલી બે બહેનો ઘરના કબાટમાંથી રોકડા રૂ. ૮.૫૦ લાખ અને રૂ. ૨૦ હજારની કિંમતનો સોનાનો દોરો ચોરીને જતી રહી હતી. આ બનાવ અંગે વિધુરે મહિલા સુભદ્રાબેન અને તેની સાથે આવેલી મહિલા વિરુદ્ધ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. એલિસબ્રિજમાં રહેતા ૪૭ વર્ષીય વિધુરની પત્નીનું અવસાન થયું હોવાથી તેમણે બીજાં લગ્ન કરવા માટે પેપરમાં જાહેરાત આપી હતી. આ જાહેરાત જોઈને એક મહિલાનો ફોન વિધુર પર આવ્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે, તે રાજસ્થાનથી બોલે છે અને તેના પતિનું વાહન અકસ્માતમાં મોત નીપજ્યું છે. તમારી જાહેરાત વાંચીને લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી હતી. આથી બંને જણ વચ્ચે વોટ્સએપ દ્વારા પણ વાતચીત થઈ હતી.

ત્યારબાદ વિધુરે મહિલાને પોતાનું ઘર જોવા માટે બોલાવી હતી. આથી સુભદ્રા અને તેની બહેન ૧ જાન્યુઆરીએ વહેલી સવારે પોણા સાત વાગે વિધુરના ઘરે આવી હતી. આથી તેઓ થાકીને આવ્યા હોવાથી તેમને બેડરૂમમાં આરામ કરવાની સગવડ કરી હતી. બપોરે સુભદ્રાએ એક દવા મગાવી હતી, જે દવા લેવા વિધુર બહાર ગયા હતા, પરંતુ તેમને દવા ન મળતા તેઓ પંદર મિનિટમાં પાછા ઘરે આવી ગયા હતા. સાંજે સુભદ્રા અને તેની



**બીજા બનાવમાં જમીન ખોદતાં સોનાની માળા મળી છે, સસ્તામાં દેવી છે કહી ભીખ માંગવા આવેલી બે સ્ત્રી છેતરી ગઈ**

બહેને કહ્યું હતું કે, અમારે જયપુર જવાનું હોવાથી ટ્રેનમાં મૂકવા આવો. આથી તે બંને જણને તેઓ સાબરમતી રેલવે સ્ટેશને ઉતારીને આવ્યા હતા અને ઘરે આવીને બેડરૂમના કબાટમાં જોયું તો રોકડા રૂ.૮.૫૦ લાખ અને સોનાનો દોરો ગાયબ હતો. તેમણે સુભદ્રાને ફોન કરતા તેણે ફોન સ્વિચ ઓફ કરી નાખ્યો હતો. ત્યારે તેમને છેતરાઇ ગયાની ખબર પડી હતી અને પોલીસ પાસે દોડી ગયા હતાં. ઘોઘાના સાણોદરના પાટિયા પાસે રહેતા મહિલાના ઘરે ભીખ માંગવાના બહાને આવેલા બે શખ્સે મહિલાને સાચી મગમાળાનો પારો આપી પિત્તળની ધાતુની મગમાળા આપી રૂ.૧.૨૦ લાખની છેતરપિંડી કરી હતી.

બીજા બનાવની જાણવા મળતી વિગત મુજબ ઘોઘાના સાણોદરના પાટિયા પાસે રહેતા ભવુંબેન છીણાભાઈ પરમાર આજથી પાંચેક મહિના પહેલા પોતાના ઘરે હાજર હતા ત્યારે મોહનભાઈ તથા ગોપાલભાઈ નામની વ્યક્તિ ભીખ માંગવા ના બહાને તેના ઘરે આવી અને પોતે ગરીબ છે તથા મા બાપ વગરના છે. તેમ કહી પોતાની પાસે સોનાની મગમાળા છે. તેમ જણાવી મગમાળા તેઓને જમીન ખોદતા મળી હોવાનું જણાવી અને મગમાળા વેચવાની છે. તેમ કહી ભવુંબેનને મગમાળામાંથી એક સોનાનો સાચો પારો રૂપિયા ૨૦,૦૦૦ માં આપી ભવુંબેનને બંને શખ્સે વિશ્વાસના લીધા હતા.દરમિયાનમાં ભીખ માંગવાના બહાને આવેલા બંને શખ્સ પાસે રહેલ બાકીની મગમાળા ભવુંબેને ૩ લાખ રૂપિયામાં દેવાનુ નક્કી કર્યું હતું.

દરમિયાનમાં ભવુબેને મગમાળા સોનાની સાચી છે. તેમ વિશ્વાસમાં આવી ગયો હતો.અને ભવુબેને બંને શખ્સ પાસેથી પીળી ધાતુની મગમાળા નંગ આઠ લઈ રૂપિયા એક લાખમાં વેચાતી રાખી બીજા રૂપિયા મગમાળા વેચાય ત્યારે આપવાનું નક્કી કર્યું હતું.દરમિયાનમાં ભવુબેન ને શંકા પાડતા પીળી ધાતુની મગમાળા પોતાના જાણીતા સોનીની દુકાને બતાવવા માટે ગયા હતા. જ્યાં આ તમામ મગમાળા સોનાની નહિ અને ખોટી છે. તેમ જાણીતા સોની દ્વારા જણાવતા ભવુંબેન સાથે બંને શખ્સે ૧,૨૦, ૦૦૦ની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ ભવુબેને ઘોઘા પોલીસ મથકમાં બે શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આમ વધુ બે ગઠીયાગીરીમાં એક વિધુર અને એક મહિલાને લલચાવીને છેતરી લેવાયા હતાં.

# નિકાસને વેગ આપવા અમદાવાદ ખાતે ફૂડ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કરાશે વિકસિત

### નિરીક્ષણ, પરીક્ષણ અને પ્રમાણપત્રમાં સામેલ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને તેનું સંચાલન કરવા માટે એક સંકલિત ટ્રેસેબિલિટી મોડ્યુલ શરૂ કરવા માટે પણ તૈયાર

રાજકોટ, તા. ૪

વાણિજ્ય મંત્રાલય નિકાસને વેગ આપવા માટે ફૂડ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિસ્તૃત કરવાની યોજના બનાવી રહ્યું છે. મંત્રાલય હેઠળની નિકાસ નિરીક્ષણ પરિષદ (ઊઈઈ) એ નિકાસ માટે ખાદ્ય પરીક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિગતવાર ગેપ એસેસમેન્ટ અભ્યાસ શરૂ કર્યો છે. જ્યારે અમે ઘણા પગલાં લીધાં છે, અમે કોમોડિટી-વાર અને સેક્ટર-વાર બંને રીતે સંપૂર્ણ વિશ્લેષણ કરી રહ્યા છીએ. અમે અમારા ફૂડ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અંતરને ઓળખી રહ્યા છીએ. અમે આશા રાખીએ છીએ કે અભ્યાસ ૨-૩ મહિનામાં પૂર્ણ થઈ જશે, જે પછી અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સર્વગ્રાહી રીતે વિસ્તારવા માટે એક વ્યાપક યોજના વિકસાવીશું, વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ નીતિન કુમાર યાદવે પત્રકારોને જણાવ્યું હતું.

ઊઈઈ નિકાસ માટે નિરીક્ષણ, પરીક્ષણ અને પ્રમાણપત્રમાં સામેલ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને તેનું સંચાલન કરવા માટે એક સંકલિત ટ્રેસેબિલિટી મોડ્યુલ શરૂ કરવા માટે પણ તૈયાર છે. યાદવે કહ્યું કે કાઉન્સિલ ઈજ્ઞઝ આધારિત સેમ્પલિંગ ટેકનિક જેવી અદ્યતન ટેકનોલોજી અપનાવી રહી છે. તેમણે કહ્યું કે અમદાવાદ, ફરીદાબાદ અને મેંગલોરમાં નવી લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી રહી છે. ઊઈઈ તેની પદ્ધતિઓ અને પ્રક્રિયાઓની વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ ઉત્પાદનો માટે વિવિધ દેશો સાથે પરસ્પર-માન્યતા કરારો (ખદ્બઅત) અને સમજૂતીના મેમોરેન્ડા (ખજ્ઞઅત)માં પણ પ્રવેશ કરી રહી છે. આ પહેલ એવા સમયે કરવામાં આવી છે જ્યારે ભારત ઘરેલું ધોરણોને સુધારવાના પ્રયાસમાં યુકે અને ઊગ સાથે મુક્ત વેપાર કરારો (ત્રઝઅત) પર વાટાઘાટ કરી રહ્યું છે. ગઅઊ જેવા બજારોમાં ખાદ્ય ચીજોની નિકાસની પણ વિશાળ સંભાવના છે, જેણે ૨૦૨૨ માં ભારત સાથે ત્રઝઅ પર હસ્તાક્ષર કર્યા છે.

અમે ભારત માટે ખદ્બઅ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે અન્ય દેશોની જરૂરિયાતોનો પણ અભ્યાસ કરી રહ્યા છીએ અને આ કરારોને સરળ બનાવવા માટે ક્ષમતા નિર્માણ કરી રહ્યા છીએ, એમ યાદવે જણાવ્યું હતું. મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઊઈઈ એ સમગ્ર દેશમાં પરીક્ષણ સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેમાં માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓની સંખ્યા વધીને ૭૮ થઈ ગઈ છે અને ઊઈઈ સિસ્ટમ દ્વારા મંજૂર કરાયેલ નિકાસ સંસ્થાઓની સંખ્યા છેલ્લા એક દાયકામાં ૭૯૪ થી વધીને ૧,૪૪૬ થઈ છે. આયાત કરતા દેશો દ્વારા સ્વીકૃત નિકાસ પ્રમાણપત્રો એક દાયકામાં લગભગ બમણા થઈ ગયા છે, ૬૧,૦૦૦ થી વધીને ૧૨૦,૦૦૦ થી વધુ. લેબોરેટરી ઈકોસિસ્ટમ ૨૦૧૩-૧૪માં ૨૧ માન્યતાપ્રાપ્ત પ્રયોગશાળાઓમાંથી વિસ્તરી છે, જે ઈજ્ઞ ૧૭૦૨૫ ધોરણોને માન્યતા પ્રાપ્ત છે, ૨૦૨૪-૨૫માં ૭૮ પ્રયોગશાળાઓ સુધી વિસ્તરી છે, જેનાથી સમયસર પરીક્ષણ અને નિકાસની સુવિધા સુનિશ્ચિત થઈ છે. નોંધનીય છે કે, ઊઈઈની પ્રમાણપત્ર પ્રણાલી યુરોપિયન યુનિયન, યુનાઈટેડ સ્ટેટ્સ, ઓસ્ટ્રેલિયા, તુર્કી, કોરિયા અને જાપાન સહિતની મુખ્ય આંતરરાષ્ટ્રીય નિયમનકારી સંસ્થાઓ દ્વારા માન્ય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે કોડેક્સ એલિમેન્ટેરિયસ, ઈજ્ઞ અને ઠઝઘ જેવી સંસ્થાઓમાં સક્રિય ભાગીદારીએ ઊઈઈને વિજ્ઞાન-આધારિત ધોરણોને આગળ વધારવા, વેપાર અવરોધો ઘટાડવા અને સીમલેસ આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા સક્ષમ બનાવ્યું છે.

ઊઈઈ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઓનલાઈન પોર્ટલ પણ લોન્ચ કરવા માટે તૈયાર છે, જેમાં ટ્રેસેબિલિટી મોડ્યુલ્સ, લેબોરેટરી ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (કંઈખજ) અને ઈ-હેલ્થ સુવિધાઓનો સમાવેશ થાય છે. આ પોર્ટલ નિકાસ માટે નિરીક્ષણ, પરીક્ષણ અને પ્રમાણપત્રમાં સામેલ એન્ડ-ટુ-એન્ડ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત અને સંચાલિત કરશે. ઈજ્ઞઝ-આધારિત સેમ્પલિંગ તકનીકો જેવી અદ્યતન તકનીકો અપનાવવામાં આવી રહી છે, અને કાકીનાડા, આંધ્રપ્રદેશ જેવા સ્થળોએ ભૌગોલિક વિસ્તરણ ચાલી રહ્યું છે.

# અજમેર શરીફની દરગાહ પર PM મોદીની ચડી ચાદર

### ૧૧મી વખત ચાદર આવી મોકલવામાં : લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને બીજેપી લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકી રહ્યા હાજર

નવીદિલ્હી, તા ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શનિવારે પ્રખ્યાત સૂફી સંત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તીની અજમેર દરગાહ પર ચાદર ચઢાવવામાં આવી હતી. વડાપ્રધાન મોદી દ્વારા ૧૧મી વખત અજમેર દરગાહ પર ચાદર મોકલવામાં આવી છે. વાર્ષિક ઉર્સના અવસર પર, વડા પ્રધાન મોદીએ દરેકને અભિનંદન આપ્યા અને દેશ અને વિશ્વમાં શાંતિ અને ભાઈચારાની કામના કરી. આ પત્રક કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને બીજેપી લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ રજૂ કર્યું હતું. કેન્દ્રીય મંત્રી રિજિજુએ પ્રથમ વખત અજમેર દરગાહની મુલાકાત લીધી હતી. તેમણે ગરીબ નવાઝની દરગાહ પર પીએમ મોદી દ્વારા મોકલવામાં આવેલી મખમલની ચાદર અને અકીદતના ફૂલો અર્પણ કર્યા હતા. આ દરમિયાન દેશ અને દુનિયામાં શાંતિ અને ભાઈચારા માટે પ્રાર્થના કરી હતી.

ચાદર ચઢાવતા પહેલા શુક્રવારે કિરેન રિજિજુ અને જમાલ સિદ્દીકીએ દિલ્હીમાં નિઝામુદ્દીન ઔલિયા અને હઝરત કુતુબુદ્દીન બખ્તિયાર કાકીના દરગાહની મુલાકાત લીધી હતી. આ પછી તેઓ અજમેર આવ્યા અને ગરીબ નવાઝની દરગાહ પર ચાદર ચઢાવી. આ દરમિયાન દરગાહ પરિસરમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો હતો. દરગાહના મહેફિલ ખાના ખાતે એક કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ દરગાહ કમિટીની ખાસ મોબાઈલ એપ પણ લોન્ચ કરી હતી. દરગાહ કમિટી દ્વારા વિકસિત આ એપ દ્વારા, ખ્વાજા સાહેબના જીવન વિશેની માહિતી, તેમના ઉપદેશો અને દરગાહ ખ્વાજા સાહેબ એક્ટ ૧૯૯૫ અને પેટા લો, ૧૯૫૮ હેઠળના વહીવટી અને સંચાલકીય કાર્યોની માહિતી ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ થશે. તેમાંથી સમિતિની વહીવટી અને વ્યવસ્થાપક સેવાઓ વિશે પણ માહિતી મેળવી શકાશે. રૂમ બુકિંગ, ઓનલાઈન દાન અને ગુંબદ શરીફ અને અન્ય અગ્રણી સ્થળોનું લાઈવ ટેલિકાસ્ટ મોબાઈલ એપ દ્વારા જોઈ શકાશે.

આ પહેલા કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ શનિવારે સવારે જયપુર પહોંચી ગયા હતા. તેમણે જયપુર એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે દેશના દરેક નાગરિકે એવું કોઈ કામ ન કરવું જોઈએ જેનાથી સામાજિક માળખાને અસર થાય. દેશમાં તમામ વર્ગના લોકો સાથે રહે છે. અજમેર ગરીબ નવાઝ દરગાહ દરેક માટે ખુલ્લી છે, પછી તે હિન્દુ હોય, મુસ્લિમ હોય, ખ્રિસ્તી હોય, શીખ હોય કે પારસી હોય.'' કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વતી અજમેર દરગાહ પર ચાદર અર્પણ કરશે. તેમણે કહ્યું કે હું દેશ માટે ખાસ સંદેશ સાથે દરગાહ પર જવું મારા માટે ગર્વની વાત છે.

### ઈશ્વરે આપેલી મહામુલી જિંદગીને અમુક માણસ ઓચીંતી ત્યજી જાય છેઃ વધુ એક સ્યુસાઈડ


# તબીબ યુવતિએ ફાંસો ખાઈ દુનિયા છોડીઃ કારણ અકબંધ

### સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાછળ ફ્લેટમાં એકલી રહેતી મુળ માણાવદર પંથકની અઠ્ઠાવીસ વર્ષની યુવતિ સાથે એવુ તો શું બન્યું કે મરવાનું પગલુ ભરવું પડ્યું? રહસ્ય ઉકેલવા પોલીસ તપાસનો ધમધમાટઃ બે ભાઈની એક જ બહેન હતીઃ પરિવારજનો ઉંડા આઘાતમાં ગરક

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રાજકોટઃ અમુક માણસ મહામુલી જિંદગીને ગમે ત્યારે તરછોડી દેતો હોય છે. અલગ અલગ કારણોસર શહેરમાં આત્મહત્યા કરી લેવાની ઘટનાઓ રોજબરોજ સામેઆવતી રહે છે. આર્થિક સંકડામણ, પ્રેમમાં નિષ્ફળતા, બિમારીઓથી કંટાળી જવું, વ્યાજખોરીમાં ફસાઈ જવું કે પછી કોઈ કારણોસર કોઈના દ્વારા અપાતા દુઃખ તકલીફને લીધે પણ ઘણીવાર માનવી મોત મેળવી લેતો હોય છે. આ વચ્ચે શહેરમાં એક તબિબ યુવતિએ ગળાફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડી લીધો છે. મુળ માણાવદર પંથકની વતની આ યુવતિ રાજકોટમાં ઘણા વર્ષોથી રહેતી હતી અને કલીનીક ચલાવતી હતી. જો કે તે પોતાના આપઘાતનું રહસ્ય હાલ તો પોતાની સાથે લેતી ગઈ હોવાનું જણાય છે. પોલીસે અલગ અલગ મુદ્દે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાછળના ભાગે સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર નજીક આવેલા સોમેશ્વર ચોકમાં ફલેટમાં એકલી રહેતી મુળ માણાવદરના નાનડીયા ગામની ડોક્ટર યુવતિએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં, સહેલીઓમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બીએચએમએસ ડોક્ટરની ડિગ્રી ધરાવતી ૨૮ વર્ષિય યુવતિને સાંજે તેની સહેલી ફોન જોડતી હતી પણ ફોન રિસીવ ન થતાં તેણીએ રૂબરૂ ફલેટ ખાતે આવીને જોતાં ઘટનાની જાણ થઈ હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી છે. બીજી તરફ પરિવારજનોએ મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની રજૂઆત કરતાં પોલીસે આ માટેની કાર્યવાહી કરી હતી. વિશેષ વિગતો અનુસાર સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર નજીક સોમેશ્વર ચોકમાં આવેલા માધવપ્રસાદ એપાર્ટમેન્ટના ફલેટમાં રહેતી અઠ્ઠાવીસ વર્ષની જલ્પાબેન



પ્રહલાદભાઈ ઘોસીયા નામની ડોક્ટર યુવતિએ ફ્લેટમાં દૂપટ્ટાથી ગળાફાંસો ખાઈ લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ મારફત જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના તપાસનીશ મિહીરસિંહ બારડ સહિતે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરી લેનાર જલ્પાબેનના માતા-પિતા સહિતના પરિવારજનો માણાવદરના નાનડીયા ગામે રહેતાં હોઈ તેમને જાણ કરવામાં આવતાં માતા-પિતા-ભાઈ સહિતના સ્વજનો તુરત જ રાજકોટ પહોંચ્યા હતાં. દિકરીના મૃત્યુની જાણ થતાં તેઓ ઉંડા આઘાતમાં ગરકાવ થઈ ગયા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ જલ્પાબેન બીએચએમએસ ડોક્ટર હતાં અને કેનાલ રોડ લલુડી વોંકળી વિસ્તારમાં ક્લીનીક ચલાવતાં હતાં.

સાંજે જલ્પાબેનને તેની એક સખી ફોન જોડતી હતી. પરંતુ ફોન રિસીવ ન થતાં તેણી તેના ફ્લેટ ખાતે રૂબરૂ પહોંચી ત્યારે દરવાજો બંધ હોઈ પાટા મારી તોડીને જોતાં જલ્પાબેન દુપટ્ટામાં લટકતી દેખાતાં બીજા લોકોની મદદથી નીચે ઉતારી બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ સારવાર કારગત ન નીવડતાં જલ્પાબેનનું મૃત્યુ થયુ હતું.

પોલીસ સુત્રોએ વધુમા જણાવ્યું હતું કે આપઘાત કરી લેનાર ડોક્ટર જલ્પાબેન બે ભાઈની એક જ બહેન હતી અને કેટલાક વર્ષોથી રાજકોટ એકલી રહી દવાખાનુ ચલાવતી હતી. અવાર-નવાર તેણી વતન નાનડીયા ખાતે આવ-જા કરતી હતી. તેણીના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે.

પરિવારજનો કે જલ્પાબેનની સહેલીઓ આપઘાતનું કારણ હાલ જાણતાં ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી છે. જલ્પાબેનના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની પરિવારજનોએ માંગણી કરતાં પોલીસે તે માટે કાર્યવાહી કરાવી હતી. ડોક્ટર દિકરીના રહસ્યમય આપઘાતને પગલે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. સાથે તેઓ વિચારમાં મુકાઈ ગયા હતાં. પોલીસે આપઘાતનું રહસ્ય ઉકેલવા તપાસના ચક્રો ગતિમાન રાખ્યા છે.

### બેફામ બની વાહનો હંકારી મુકતાં ચાલકો માટે લાલબત્તી સમાન, ચેતવણી આપતી કરૂણ ઘટના

# ST બસચાલકની 'અવળચંડાઇ'એ માસુમ 'અંજુ'નો જીવ લીધો!

## કુવાડવા ચોકડીએ બસની રાહ જોઇને છાત્રાઓ ઉભી હતીઃ એસટી બસ આવતાં તેના દરવાજા તરફ આગળ વધીઃ પણ ચાલકે બસ ઉભી ન રાખી ભગાવતાં બે બાળા ઠોકરે ચડી તેમાંથી એકનું મૃત્યુ થયુંઃ કુવાડવા પોલીસે બેદરકાર બસચાલક સામે દાખલ કરી FIR


**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૪**

રાજકોટઃ ઘણીવાર વાહનચાલકોની અવળચંડાઇ રાહદારી કે અન્ય વાહન ચાલકો માટે જીવલેણ બની જતી હોય છે. બેફામ અને આંધળુકીયા કે પછી શીખાઉ હોય એ રીતે ઘણા ચાલકો પોતાના વાહનો ચલાવી બીજા લોકો માટે જોખમ સર્જી દેતાં હોય છે. કંઇક આવી જ એક ઘટના કુવાડવા પંથકના ગામના એક પરિવારની લાડકવાયી આશાસ્પદ દિકરીનો જીવ લઇ ગઇ છે. કુવાડવાની વાંકાનેર ચોકડીએ શાળા છુટ્યા બાદ પોતાના ગામ ખખાણા જવા એસટી બસની રાહ જોઇને વિદ્યાર્થીનીઓ ઉભી હોઇ વાંકાનેર-રાજકોટ રૂટની બસ આવતાં છાત્રાઓ બસના દરવાજા તરફ જતાં ચાલકે અવળચંડાઇ કરતો હોય તેમ બસ ઉભી ન રાખી આગળ ભગાવતાં બે વિદ્યાર્થીની ઠોકરે ચડી ગઇ હતી. જે પૈકી એક છાત્રા બસના તોતીંગ વ્હીલ નીચે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું અને બીજી છાત્રા ઘાયલ થઇ હતી. ખખાણા ગામની ધોરણ-૧૦ની આ છાત્રા દરરોજ એસટી બસમાં અપડાઉન કરતી હતી. આ બસ જ તેના માટે મોતનું કારણ બની ગઇ હતી.

આ કરૂણ ઘટના અને એસટી બસ ચાલકની જીવલેણ બેદરકારીની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે મૃત્યુ પામનાર ૧૬ વર્ષની વિદ્યાર્થીની અંજુના પિતા વાંકાનેરના ખખાણા ગામે રહેતાં ધનજીભાઇ વિનુભાઇ ગઢદરાની ફરિયાદ પરથી એસટી બસ નં. જીજે૧૮ઝેડ-૬૪૯૬ના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે અને બસ ચાલકની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મૃત્યુ પામનાર છાત્રા અંજુ બે બહેન અને એક ભાઇમાં બીજા નંબરે હતી અને કુવાડવા ગામની મીડલ સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી હતી.

અંજુ અને બીજી તેના ગામની જ દિકરીઓ દરરોજ ખખાણા ગામથી કુવાડવા શાળાએ જવા માટે એસટી બસમાં અપડાઉન કરતી હતી. બપોરના સમયે અંજુના પિતા ધનજીભાઇ ઘરે હતાં ત્યારે તેના નાના ભાઇ





સંજયભાઇએ ફોન કરી કહ્યું હતું કે-તમારી દિકરી અંજુને વાંકાનેર ચોકડી પાસે કુવાડવા ગામે એસટી બસના ટાયરમાં આવી જતાં ઇજા થઇ છે અને કુવાડવા પ્રાઇવેટ હોસ્પિટલમાં લઇ ગયા છે. હું ત્યાં જાઉ છું તમે પણ આવો. જેથી પિતા ધનજીભાઇ ગઢદરા તત્કાળ કુવાડવા પહોંચ્યા હતાં. જ્યાં તેમને તેમના ભાઇ, મોટા બાપુ મારફત ખબર પડી હતી કે અંજુનું થોડીવારની સારવાર બાદ મૃત્યુ થયું છે. આ સાંભળી પિતા હતપ્રભ થઇ ગયા હતાં અને કલ્પાંત કરી મુક્યો હતો.

વધુ માહિતી અનુસાર આ અકસમાતમાં એસટી બસના વ્હીલ નીચે આવી જતાં અંજુના પેટમાંથી આંતરડા નીકળી ગયા હતાં, પગ-કમરના ભાગે પણ ગંભીર ઇજા થઇ હતી. આ અકસ્માતમાં અંજુની સાથે તેની બહેનપણી ખખાણા ગામની હેતલ વિક્રમભાઇ ચૌહાણને પણ ઇજા થતાં તેણીને પણ સારવાર માટે દાખલ કરાઇ હતી.

હેતલે કહ્યું હતું કે-હું અને અંજુ શાળા છુટતાં ખખાણા ગામે જવા કુવાડવા વાંકાનેર ચોકડીએ પોણા એકાદ વાગ્યે ઉભા હતાં. એ વખતે વાંકાનેર-રાજકોટ રૂટની એસટી બસ આવતાં અમે વિદ્યાર્થીઓ બસમાં બેસવા દરવાજા તરફ દોડ્યા હતાં. પણ ડ્રાઇવરે એસટી બસ ઉભી રાખી નહોતી અને આગળ ચલાવી મુકી હતી. આ વખતે અંજુને બસની ઠોકર લાગતાં તે પડી ગઇ હતી અને બસના કંડકટર સાઇડના પાછળના વ્હીલના જોટામાં આવી ગઇ હતી. તેના પર બસનુ.વ્હીલ ફરી ગયું હતું અને મને પણ ધક્કો લાગતાં પડી જતાં પગમાં ઇજા થઇ હતી. સાથે બીજી છાત્રા રિન્કલ શૈલેષભાઇ ગઢદરા પણ પડી ગઇ હતી.

આ બનાવમાં બસ ચાલકે બસ ઉભી રાખવાને બદલે ભગાવી મુકતાં તેની આ અવળચંડાઇ અંજુના મોતનું કારણ બની ગયાનું ધનજીભાઇએ વધુમાં કહ્યું હતું. તેમજ તેમણે જણાવ્યું હતું કે અમે ઘટના સ્થળે જઇને જોતાં એસટી બસ ત્યાં જ ઉભી હતી. ચાલકે બેફીકરાઇથી બસ ભગાવી મારી કિદરી અને તેની બહેનપણીને ઠોકરે લેતાં મારી દિકરીનું મોત થયું હતું. કુવાડવા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી. પી. રજયાના માર્ગદર્શમાં હેડકોન્સ. એસ. આર. કુમારખાણીયાએ એફઆઇઆર દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. વાહનચાલકોને બેદરકારી કેવા પરિણામ સર્જી શકે છે તેનો પુરાવો આપતી, પ્રતીતિ કરાવતી આ વધુ એક ઘટના એવા વાહનચાલકો માટ ેઆંખ ઉઘાડનારી છે જે બેફામ બની વાહનો હંકારી મુકતાં હોય છે.

# લોધિકા તાલુકામાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદીની સહાય ચૂકવાઈ

### ૧૨૦ ખેડૂતો રહ્યા હાજર : વિસ્તરણ અધિકારી, ગ્રામસેવકો રહ્યા હાજર





રાજકોટ મિરર, ખીરસરા તા.૪

ગુજરાત સરકારના ખેતીવાડી વિભાગ દ્વારા એજીઆર ૫૦ યોજના હેઠળ ખેડૂતોને ટ્રેકટરની ખરીદી પર સહાય ચૂકવવામાં આવે છે. જેમાં ૪૦ પીટીઓ એચપી સુધીના ટ્રેક્ટરમાં રૂપિયા ૪૫ હજાર અને ૪૦ પીટીઓ એચપીથી વધુ ટ્રેકટરમાં રૂપિયા ૬૦ હજાર સહાય મળવાપાત્ર છે.

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં ટ્રેકટર વેરિફિકેશન માટેના કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૧૨૦ ખેડૂતો ટ્રેકટર સાથે હાજર રહેલ. તમામ ખરીદી કરેલ ટ્રેક્ટરનું વિસ્તરણ અધિકારી ખેતી આર. એસ. ધોરાળીયા અને ગ્રામસેવકો એ. કે. ચાવડા તથા ડી. આર. ચંદ્રવાડિયા તેમજ કે. પી. મૂંગલપરા દ્વારા ચકાસણી કરવામાં આવેલ.

# ગોંડલી નદી પર રૂ.૬૫ કરોડનાં ખર્ચે નવા બે બ્રિજનું ખાત મુહુર્ત કરતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા

### કોંગ્રેસ અગ્રણીએ જુના બ્રિજ મુદ્દે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરતાં તાત્કાલિક બે બ્રીજ મંજૂર થયાં હતાં : હાઈકોર્ટનાં આદેશથી નવા બે બ્રીજનું ખાત કરાયુ મુહુર્ત

રાજકોટ મિરર, ગોંડલ તા.૪

ગોંડલ નાં રાજાશાહી સમયનાં બે પુલ જર્જરીત હોવાની હાઈકોર્ટમાં કોંગ્રેસ નાં આગેવાન યતિશભાઈ દેસાઈએ પીઆઈએલ દાખલ કરી હતી જેમને પગલે હાઈકોર્ટ નાં નિર્દેશન મુજબ હરકત માં આવેલી રાજ્ય સરકારે રુ.૬૫ કરોડ નાં ખર્ચે બે બ્રીજ મંજૂર કર્યા હોય જેનુ ખાતમુહૂર્ત કેન્દ્રીય મંત્રી અને સાંસદ મનસુખભાઇ માંડવીયા અને ધારાસભ્ય ગીતાબા જાડેજા ના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત વોરકોટડા રોડ પર વિજયનગર ખાતે આયુષ્યમાન આરોગ્ય



મંદિર અર્બન હેલ્થ સેન્ટર નું લોકાર્પણ કરાયું હતુ. યતિષભાઈ દેસાઈ દ્વારા ગોંડલી નદી પરના જુનવાણી બ્રીજ પર મોરબીનાં ઝુલતા પુલ જેવી દુર્ઘટના સર્જાય તેવી દહેશત વ્યક્ત કરી હાઈકોર્ટ માં પીઆઈએલ દાખલ કરી હતી.જેને પગલે હાઈકોર્ટ દ્વારા આકરું વલણ અખત્યાર કરી રાજ્ય સરકારને ઉધડો લેવાયો હતો.અને રાજ્ય સરકાર દ્વારા બે બ્રિજ મંજુર કરાયા હતા.રાજાશાહી સમય નાં બન્ને પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ મુકાતા એસટી બસો,સ્કુલબસ સહિત ભારે વાહનોને સાત થી આઠ કી.મી.નો ફેરો લગાવવો પડેછે.ત્યારે કોલેજચોક જીમખાના પાસેથી નદી ઉપર તથા ભોજરાજપરા સાઈડીંગ પાસેથી નદી ઉપર બ્રિજ ની મંજુરી મળી હોય ખાતમુહૂર્ત કરાયુ હતુ.જે આગામી સમયમાં રાહતરુપ ગણાશે.

ખાતમુહૂર્ત સમયે પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, યુવા અગ્રણી જ્યોર્તિરાદિત્યસિંહ જાડેજા, નાગરિકબેન્ક ચેરમેન અશોકભાઇ પીપળીયા, માર્કેટયાર્ડ ચેરમેન અલ્પેશભાઈ ઢોલરિયા, નગરપાલીકા પ્રમુખ અશ્વીનભાઈ રૈયાણી, કારોબારી અધ્યક્ષ ક્રિપાલસિંહ જાડેજા, બાંધકામ ચેરમેન જગદીશભાઈ રામાણી, સમીરભાઈ કોટડીયા, અશ્વિનભાઈ ડુંમર, નગરપાલિકા ઉપ પ્રમુખ પરિતાબેન ગણાત્રા, રીનાબેન ભોજાણી, ભાવનાબેન રૈયાણી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**(ફોટો -જીતેન્દ્ર આચાર્ય)**

### એક મહિલાની નદી કિનારે લાશ મળીઃ નજીકથી લોહીના નિશાનવાળુ પેન્ટ મળ્યું, તેમાં જે લેબલ હતું તેના આધારે તપાસ થઇ અને રહસ્ય ખુલ્યું

# મર્ડર મિસ્ટ્રીઃ પેન્ટમાં મારેલા દરજીના લેબલે પોલીસને હત્યારા સુધી પહોંચાડી

### ભાભીના ચારીત્ર્ય પર દિયરને શંકા હોઇ પોતાના જ ભાઇઓની મદદ લઇ રહેંસી નાખી હતીઃ પોલીસ તપાસનો દોર ઉડીસા સુધી પહોંચ્યો અને ત્રણેય હત્યારા આવ્યા ઝપટમાં

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૪**

રાજકોટઃ હત્યાની અમુક ઘટનાઓમાં પોલીસ માટે ડિટેકશન કરવું પડકારરૂપ બની જતું હોય છે. આ પ્રકારની અનેક મર્ડર મિસ્ટ્રીમાં પોલીસ હત્યારા સુધી પહોંચવા જીવ રેડી દેતી હોય છે. રાત દિવસના ઉજાગરા કરીને પણ પોલીસ સફળતા મેળવતી હોય છે. આવી મર્ડર મિસ્ટ્રી ઉકેલાય તેની સાથે ચોંકાવનારી હકિકતો પણ સામે આવતી હોય છે. વધુ એક રહસ્યમય હત્યાનો ભેદ ખુલ્યો છે. નદી કિનારે એક મહિલાની હત્યા કરાયેલી લાશ મળી આવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઓળખ થાય એવી કોઇ વસ્તુ નહોતી, પણ લાશ નજીકથી લોહીવાળુ પેન્ટ મળતાં તેમાં દરજીની દૂકાનનું લેબલ-ટેગ હોઇ પોલીસે તેના આધારે તપાસ આરંભી હતી અને તપાસનો દોર ઉડીસાથી ગુજરાત સુધી પહોંચ્યો હતો. ત્રણ હત્યારા પકડાયા હતાં અને આ ત્રણેય સગા ભાઇઓ હતાં. ભાભીના ચારીત્ર્ય પર શંકા હોઇ દિયરે ભાઇઓની મદદથી આ હત્યા કરી હતી.

ચોંકાવનારી મર્ડર મિસ્ટ્રીની વિગતો જોઇએ તો ઘટના સુરતની છે.તાજેતરમાં ઓડિશાના કટક જિલ્લાની કથજોડી નદી કિનારા પાસેથી એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. જેની સ્થાનિકો દ્વારા કંડરપુર પોલીસને જાણ કરાઈ હતી. ઘટનાસ્થળે પહોંચીને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવે છે અને મહિલાના શરીર પર ગંભીર ઈજાનાં નિશાન મળી આવે




છે. પોલીસ દ્વારા આ નિશાન જોઇ મહિલા સાથે પહેલાં ગેંગરેપ અને બાદમાં તેની હત્યા કરવામાં આવી હોવાની આશકાં વ્યક્ત કરાઈ હતી. આ ગંભીર ઘટનાની તપાસ ઓડિશા પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હતી, પરંતુ પ્રાથમિક તપાસમાં પોલીસને કોઇ મહત્ત્વપૂર્ણ કડી મળતી નથી. મૃતક મહિલાની ઓળખ મેળવવા પોલીસ દ્વારા મિસિંગ રિપોર્ટ અને હાથમાં ઓડિશા ભાષામાં ટેટૂના આધારે પણ તપાસ કરવામાં આવી, પરંતુ પોલીસના હાથે નિરાશા જ લાગી. જો કે નિરાશાના ઘોર અંધકારમાં પોલીસ પાસે ઘટનાસ્થળે મહિલાની લાશ પાસેથી મળેલું લોહીના નિશાનવાળું પેન્ટ એક માત્ર આશા સમાન હતું.

આ પેન્ટ પર પર દરજીની દૂકાનના નામનો ટેગ અને અમુક આંકડા તથા ગુજરાતી ભાષામાં મેજરમેન્ટના આંકડા લખેલા હતા. આ વાંચીને અચાનક જ પોલીસના મગજમાં લાઇટ થઇ હતી અને તપાસને વળાંક મળ્યો હતો. આ ઘટના અંગે ઓડિશાના પીઆઇ અનિરુદ્ધ નાયકે જણાવ્યું હતું કે નદી કિનારા પાસેથી પાંત્રીસ વર્ષની એક મહિલાની લાશ મળી હતી. જેના મોઢા પર ચાકુના ઘા માર્યાના નિશાન હતા. જેથી લાશની કોઇ જ આઈડેન્ટિટી ખબર પડી શકે એમ નહોતી, પરંતુ તેની બાજુમાંથી જ એક લોહીમાં લથપથ પેન્ટ મળ્યું હતું અને આજુબાજુમાં કચરાનો ઢગલો જ હતો. એટલે ત્યાંથી પણ ઘણાં બધાં કપડાં મળ્યાં હતાં. જોકે, આ લોહીમાં લથપથ પેન્ટમાં એક દરજીની દુકાનનું લેબલ અને પેન્ટનું માપ લખેલું હતું.

ત્યાર બાદ પોલીસે ઓડિશામાં આ ટેગના નામની દુકાન ચલાવતા દરજીને શોધવાનો -પ્રયાસ કર્યો પરંતુ ક્યાંય ભાળ મળી નહીં. એટલે આ અંગે ડીસીપીને જાણ કરી. ડીસીપી મીણાનું પહેલાં ગંજામમાં પોસ્ટિંગ હતું એટલે તેમણે ત્યાંના પણ એક દરજીને આ ટેગ મોકલ્યું હતું. આ દરજીએ અમને જાણકારી આપી કે આમાં જે પ્રકારે ૩ લખવામાં આવ્યો છે તે ૩ માત્ર ગુજરાતવાળા જ લખે છે. એટલે ડીસીપીએ અમને તરત જ કહ્યું તમે ગુજરાત પોલીસનો સંપર્ક કરો અને અમે સુરત પોલીસનો સંપર્ક કર્યો હતો.

આ અંગે સુરતના પીઆઇ રાજેશ સુવેરાએ જણાવ્યું હતું કે, ઓડિશા પોલીસે ગુજરાતમાં ઓડિશાના લોકો જ્યાં સૌથી વધુ રહેતા હોય તે જિલ્લાનો સંપર્ક કર્યો હતો, એમાં અમારા કમિશનરનો સંપર્ક કર્યો અને ત્યાર બાદ કમિશનર સાહેબે અમારો નંબર આપતા અમારો સંપર્ક કર્યો હતો. ઓડિશા પોલીસે અમારી સાથે તમામ ડિટેઇલ શેર કરી હતી. જેના આધારે સુરતના અલગ અલગ વિસ્તારમાં તપાસ હાથ ધરી ત્યારે લિંબાયત વિસ્તારમાં એક દરજી મળ્યો. આ દરજીને ત્યાં તપાસ કરતાં તેના ત્યાંના ટેગ અને આ પેન્ટનો ટેગ મેચ થતો હતો. જેના આધારે દરજીએ તેની બુકમાં તપાસ કરતાં ઘટનાસ્થળે મળેલા પેન્ટના માપ માટે લખાયેલી ચિઠ્ઠીની કાર્બન કોપી મળી આવી હતી. ત્યાર બાદ દરજીની દુકાનમાં એ વ્યક્તિ જ્યારે આવ્યો હતો તે દિવસના બધા સીસીટીવી ચેક કર્યા હતા. આ વ્યક્તિ અને તેની સાથે કોણ કોણ આવ્યું હતું એ પણ અમે ચેક કર્યું હતું અને આરોપીનો માત્ર ચહેરો સામે આવ્યો હતો. કારણ કે દરજીને તેનું નામ પણ ખબર ન હતું.

આ દરમિયાન દરજીએ સુરત પોલીસને મહત્ત્વપૂર્ણ જાણકારી આપી હતી કે આરોપી કપડાં સિવડાવવા આવ્યો હતો તેનું બિલ રૂપિયા ૪૦૦ થયું હતું તો એણે મને ૫૦૦ રૂપિયા આપ્યા હતા. મારી પાછે છૂટા નહોતા એટલે મેં એના મિત્રના નંબર પર ૧૦૦ રૂપિયાફોન-પે કર્યા હતા. ત્યાર બાદ સુરત પોલીસે આ નંબર પર સંપર્ક કરતાં જાણવા મળ્યું કે તે આરોપીનો મિત્ર હતો. પોલીસે તેની અટક કરી આરોપીનું નામ, સરનામું અને મોબાઈલ નંબરની વિગતો મેળવી હતી. સુરત પોલીસે આરોપીનું નામ અને નંબર સહિતની માહિતી ઓડિશા પોલીસને આપી હતી. આ ઉપરાંત આરોપીનું લોકેશન અને મિત્રના ફોનમાંથી તેનો ફોટો પણ શોધીને મોકલી આપ્યો હતો. જો કે આરોપી ઓડિશાથી ટ્રેનમાં સુરત પરત ફરવાનો હતો. ટ્રેન જ્યારે રાયગડાથી પસાર થઈ રહી હતી, ત્યારે ઓડિશા પોલીસે ત્યાંના એસપીને જાણ કરી હતી અને તેમની ટીમે આરોપીને ઝડપી પાડ્યો હતો. રાયગડા પોલીસે આરોપીનો ફોટો ઓડિશા પોલીસને મોકલ્યો હતો. ત્યાર બાદ તેમણે સુરત પોલીસને મોકલ્યો હતો. મિત્રને બતાવી કન્ફર્મ કરતાં તે આરોપીનો જ ફોટો હતો. રાયગડા પોલીસે આરોપીને પકડી ઓડિશા પોલીસને સોંપ્યો હતો.

પોલીસ પૂછપરછમાં આરોપી કેન્દ્રપાડાનો રહેવાસી જગન્નાથ દુહુરી ઉર્ફે બાબુ ઉર્ફે બાપી હોવાનું સામે આવ્યું હતું. આરોપી બાબુ ટ્રેન દ્વારા સુરત પરત જઈ રહ્યો હતો. આરોપી મૃતક મહિલાનો દિયર હતો. આરોપી બાબુએ પૂછપરછમાં ખુલાસો કર્યો હતો કે, તેણે અને તેના બે ભાઈ સાથે મળીને ભાભીની હત્યા કરી હતી. ભાભીના એક્સ્ટ્રા મેરિટલ અફેરની જાણ થતાં ત્રણેય ભાઈઓએ મળી હત્યા કરી હતી. મોટા ભાઈને ખબર પડી એટલે એણે ગુજરાતમાં કામ કરતા નાના ભાઈને કહી કસાઈનું ચાકુ મંગાવ્યું હતું. નાનો ભાઈ ઓડિશા પહોંચતાં ત્રણેય ભાઈઓ મૃતક મહિલાને ફરવા લઇ ગયા અને રસ્તામાં ગાડી ઊભી રાખી ચાકુના ઘા મારી ભાભીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આરોપી જગન્નાથ દુહુરીએ તેના ભાઈ બલરામ દુહુરી (પતિ) અને ખંડેર બાવાજી હાપી દુહારી સાથે મળીને હત્યા કરી હતી. પોલીસ દ્વારા ત્રણેય આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં બલરામ દુહુરી મૃતક મહિલાનો પતિ હતો. જ્યારે પોલીસ મૃતક મહિલાના પતિની ધરપકડ કરવા ગઇ ત્યારે તેના ઘર પાસે જ એનું સાસરૂં હતું. અને તેની ધરપકડ બાદ છોકરીનાં મમ્મી-પપ્પાને ખબર પડી કે એમની દીકરીની હત્યા થઈ હતી. ગુનેગાર ગમે એટલો શાતીર હોઇ એકાદ ભુલ તેને પોલીસ સુધી પહોંચાડી જ દેતી હોય છે.

### ગુનેગારોને સીધાદોર કરવા પોલીસ કમિશનરે વધુ એક વખત કર્યો પાસાના શસ્ત્રનો ઉપયોગ

# રાજકોટમાં તરખાટ મચાવનાર ચોર શિવો પાસામાં

## પીસીબી અને એલસીબી ઝોન-૨ ટીમે વોરન્ટની બજવણી કરી વડોદરા જેલમાં મોકલ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રાજકોટઃ ગુનેગારોને સીધાદોર કરવા પોલીસ કમિશનર દ્વારા સમયાંતરે પાસા તળે તેને અલગ અલગ જેલમાં ધકેલવાની કાર્યવાહી થતી હોય છે. આવો વધુ એક ગુનેગાર જેલભેગો થયો છે. પાસાના વોરન્ટની બજવણી કરવામાં આવતાં ચોરીઓના ગુનામાં સામેલ આ શખ્સ વડોદરા જેલની સફરે ગયો છે.




શહેરના વધુ એક શખ્સને પોલીસ કમિશનરે પાસા તળે જેલમાં ધકેલી દીધો છે. અગાઉ અનેક વખત ઘરફોડ ચોરીના ગુનામાં પકડાઇ ચુકેલા પિસ્તાલીસ વર્ષના શીવા જેરામભાઇ વાજેલીયાને પાસા તળે બરોડા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ શખ્સ કાલાવડના ધુનધોરાજી ગામનો વતની છે. જો કે તેણે મોટા ભાગની ચોરીઓ રાજકોટમા જ કરી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ શીવા વાજેલીયા રાજકોટમાં યુનિવર્સિટી અને ગાંધીગ્રામ પોલીસના ચોરીઓના આઠ ગુનામાં તેમજ કાલાવડ રૂરલન, ટાઉનના દારૂના ત્રણ ગુનામાં તેમજ એક વખત શંકાસ્પદ હાલતમાં મળી એક ડઝન ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

તાજેતરમાં તેણે રાજકોટમાં બંધ મકાનમાં લાખોની ચોરી કરી હોઇ એલસીબી ઝોન-૨ ટીમે દબોચ્યો હતો.

તેને પાસામાં ધકેલવાની દરખાસ્ત જૅાસપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અંતર્ગત તૈયાર કરવામાં આવતાં તે મંજુર થતાં વોરન્ટ બજવણી કરવામાં આવી હતી. આ કામગીરી પીસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, એએસઆઇ રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા અને એલસીબી ઝોન-૨ના પીએઅસાઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, કોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ રાણા સહિતે કરી હતી. ઝડપાયેલો તસ્કર અગાઉ પણ અનેક ચોરીઓમાં ઝડપાઇ ગયો હતો.

# તેત્રીસ વર્ષના યુવાનને દિલ દગો દઇ ગયુંઃ જંદગીની સફર ખતમ

### હાથીખાનામાં રહી ચાંદી કામ કરતો યુવાન ઘરે એકાએક ઢળી પડ્યોઃ હોસ્પિટલમાં ડોક્ટરે મૃત જાહેર કરતાં પીંખાઇ ગયો પરિવારનો માળોઃ :બીજા બનાવમાં એક વૃધ્ધનું હૃદય પડ્યું બંધઃ ત્રીજા બનાવમાં યુવાનનું બેભાન હાલતમાં થયું મૃતયુ

રાજકોટઃ શહેરમાં ગમે ત્યારે ગમે તેના હૃદય બંધ પડી જતાં તેમના મૃત્યુ થવાની ઘટનાઓ અટકતી જ નથી. વયોવૃધ્ધ, પ્રૌઢ અને આધેડ તો ઠીક યુવાનોના હૃદય પણ ઓચીંતા બંધ પડી જાય છે. આવા વધુ એક બનાવમાં તેત્રીસ વર્ષના યુવાનને હાર્ટએટેક આવી જતાં જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી. ચાંદી કામનો સારો એવો કારીગર આ યુવાન મુળ પશ્ચિમ બંગાળનો વતની હતો. તેના ઓચીંતા મૃત્યુથી તેના ખુશખુશાલ પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો છે.

વિગતો પર નજર કરીએ તો યુવાનોના પણ હાર્ટએટેકથી મૃત્યુ થઇ રહ્યા છે. આ સિલસિલો યથાવત રહ્યો છે. બેડીપરામાં ભાડાના મકાનમાં રહેતાં ચાંદી કામના કારીગર એવા તેત્રીસ વર્ષના યુવાનનું હૃદય બંધ પડી જવાને કારણે મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. વધુ માહિતી અનુસાર તેત્રીસ વર્ષનો અકબરભાઇ ગુલામહુશેન શેખ ઘરે હતો ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો શરૂ થયો હતો અને બેભાન થઇ પડી ગયો હતો. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અકબરભાઇ ત્રણ ભાઇમાં વચેટ હતો. તે વર્ષોથી અહિ પત્નિ, પુત્રી સાથે રહી ચાંદી કામની મજૂરી કરતો હતો. મૃતદેહને મુળ વતન કોલકત્તા લઇ જવાયો હતો. પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.



હાર્ટએટેકથી મૃત્યુના બીજા બનાવમાં ચોટીલાના લાખણકાના ત્રેસઠ વર્ષના કરસનભાઇ પ્રેમજીભાઇ માલકીયા બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ અને ધર્મેન્દ્રભાઇ હુદડે ચોટીલા પોલીસને જાણ કરી હતી.

ત્રીજા બનાવમાં મોરબી રોડ પર ગણેશનગરમાં રહેતાં તેતાલીસ વર્ષના રાજેશભાઇ રવજીભાઇ સારેસા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતક છુટક મજૂરી કરતાં હતાં અને હાલમાં બિમાર રહેતાં હતાં. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ધર્મેન્દ્રભાઇ હુદડે બી-ડિવીઝનમાં જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# અગ્નિકાંડના ૬ આરોપીએ હાઇકોર્ટમાં કરેલી જામીન અરજીની ૮મીએ સુનાવણી

### અગ્નિકાંડના આરોપી ઝડ્ઘ સાગઠીયા, ATPO મકવાણા અને આસી. એન્જી. ચૌધરી સહિતનાએ કરી હતી જામીન અરજી

રાજકોટ મિરર, તા.૪

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠીયા, એટીપીઓ રાજેશ મકવાણા અને આસી. ઈજનેર જયદીપ ચૌધરી સહિત ૬ આરોપીએ હાઇકોર્ટમાં કરેલી જામીન અરજી અંગે વધુ સુનાવણી ૮મી જાન્યુઆરીએ નક્કી કરાઈ છે.

સમગ્ર વિગત જોઈએ તો, તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા. અને ત્રણેક લોકોને ઈજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે.

જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢા, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર (૧૨) જયદીપ બાલુ ચૌધરી (૧૩) રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઈલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરાયા હતા. હાલ તમામ આરોપી જેલમાં જ છે. સેશન્સ અદાલતમાં આરોપી અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ઇલેશ ખેર, ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર રાજેશ મકવાણા, આસી. ઈજનેર જયદિપ ચૌધરીએ કરેલી જામીન અરજી નામંજૂર થતાં ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી છે. જેમાં ગઈકાલે મુદ્દત હતી.

જોકે આરોપીના વકીલે આગળની મુદત માંગતા વિશેષ સુનાવણી તા.૮ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તરીકે વિરાટ પોપટ અને ભોગબનનાર વતી વકીલ તરીકે નરેન્દ્રસિંહ જાડેજા તથા ભાવેશ હજારે રોકાયેલા છે.

# બેદરકારીથી બાળકનું મોત થયાના કેસમાં મેડિકલ સ્ટુડન્ટની જામીન અરજી મંજુર

### ઝનાના હોસ્પિટલમાં સારવારમાં આવેલ બાળકને મોઢે ચડાવવાના માસ્કમાં આપવાનું ઈંજેક્શન પગમાં આપી દીધું !

રાજકોટ મિરર, તા.૪

ઝનાના હોસ્પિટલમાં પાંચ માસના બાળકનું બેદરકારીથી મોત મામલે ગુનો નોંધાયા બાદ આરોપીને જેલ હવાલે કરાયો હતો. જે કેસમાં જેલ હવાલે રહેલા મેડિકલના સ્ટુડન્ટની જામીન અરજી અદાલતે મંજુર કરી છે.

કેસની વિગત મુજબ, ગોંડલમાં રહેતા શ્રમિક પરિવારના સાડા પાંચ માસના પુત્ર રાજને બીમારી સબબ રાજકોટની ઝનાના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબ, નર્સ એકતા કિશોરભાઈ રાઠોડ અને મેડિકલ સ્ટુડન્ટ પિન્ટુ સુરેશભાઈ ફાંગલિયા દ્વારા માસુમને મોઢે ચડાવવાના માસ્ક મારફતે આપવામાં આવતું ઇન્જેકશન પગમાં આપી દીધું હતું. આ પછી રાજની તબિયત લથડતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે બાળકની માતાએ એ. ડિવિઝન પોલીસ મથકમાં જવાબદાર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પીન્ટુ સુરેશ ફાંગલિયાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલહવાલે કર્યો હતો. બાદ પીન્ટુ ફાંગલીયાએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી.

જે કેસમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ, દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઇ અદાલતે સ્ટુડન્ટ પીન્ટુ ફાંગલિયાની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી મેડિકલ સ્ટુડન્ટ વતી એડવોકેટ મેઘરાજસિંહ એમ. ચુડાસમા અને કૃણાલ એન. દવે રોકાયેલ હતા.

# ગોંડલમાં ચાઈનીઝ દોરીની ૯૬ ફીરકી સાથે ત્રણ વેપારીઓ પકડાયા

### રૂ. ૧૪,૪૦૦નો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

રાજકોટ મિરર, ગોંડલ તા.૪

ગોંડલ માં ઉતરાયણ પુર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા જડપાઇ રહ્યાછે.પંદર દિવસ માં ત્રણ સ્થળે ચાઈનીઝ દોરી પકડાયા બાદ વધુ ચાઈનીઝ દોરીની ૯૬ ફીરકી સાથે ત્રણ વેપારી પકડાયા હતા. ત્રણેય સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલ પોતાની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ભોજરાજ પરા શેરી નં.૨૪/૧૩ ખાતે આવેલી ગેલ કૃપા પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં ચાઈનીઝ દોરીની પ્રતિબંધિત ફીરકીનું વેચાણ થઈ રહ્યું છે.

પોલીસે પ્રોવિઝન સ્ટોર પર દરોડો પાડતા દુકાનમાંથી રૂ.૧૦,૬૫૦ની કિંમતની ૭૧ ફીરકી મળી આવી હતી. જે જપ્ત કરી વેપારી દિપ વિમલભાઈ કોટડીયા ઉ.૨૧, રહે. ભોજરાજપરા ની અટકાયત કરી બી ડીવીઝન પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો.

બીજા બનાવ માં સીટી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી.

ત્યારે જેકા ચોકમાં કેબીન રાખી ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા રાજુ બચુભાઈ પરમાર ઉ.૪૬, રહે. ભગવતપરા અને વિજય મનસુખભાઈ ડાભી ઉ.૨૩, રહે. આશાપુરા સોસાયટી, હનુમાનજી વાળી શેરી ને ઝડપી લીધા હતા. આ બંને પાસેથી રૂ.૩૭૫૦ની કિંમતની ૨૫ ફીરકી કબ્જે કરી સીટી પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

### બૂટલગરોએ ફરી એક વખત નવો નુસ્ખો અપનાવ્યોઃ જો કે પોલીસે તેને નિષ્ફળ બનાવ્યો

# ફીર હેરાફેરીઃ દારૂનો જથ્થો ભરેલી બે કારને પકડી લેવાઇ

### કુવાડવા-બામણબોર નજીક પીસીબીની ટીમે વોચ રાખી ત્રણ શખ્સને પકડ્યાઃ કારની બ્રેક લાઇટોની પાછળ, ડેસ્ક બોર્ડમાં એરબેગની જગ્યાએ કુલ ૬૪૯ બોટલો છુપાવાઇ હતી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રાજકોટઃ શહેરમાં દારૂની હેરાફેરી યથાવત રહી છે અને પોલીસના દરોડા પણ ચાલુ રહ્યા છે. એકત્રીસમી ડિસેમ્બર અંતર્ગત પોલીસ કડક બની હતી અને સતત દરોડાની કાર્યવાહી થઇ રહી હતી. ત્યાં હવે મકરસંક્રાંતિ નજીક આવી રહી હોઇ ફરીથી નાના મોટા બુટલેગરો મેદાને આવી ગયા છે. પીસીબીની ટીમે વધુ એક વખત સફળતા મેળવી છે. પરમ દિવસે એક દરોડામાં છેક હરીયાણા ગુડગાવથી દારૂની પેટીઓ ટ્રાન્સપોર્ટ મારફત લઇ આવનારા શખ્સને પકડી લેવાયો હતો. ત્યાં હવે કુવાડવા ગામ નજીક વાંકાનેર ચોકડી પાસે અને બામણબોરમાં પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂપિયા પોણા બે લાખથી વધુનો વિદેશી દારૂ ભરેલી બે મોટરકારમાંથી ત્રણ શખ્સોને પકડી લીધા હતા.

દરોડાની વિગતો પર નજર કરીએ તો દારૂની બદીને નાબુદ કરવા અને આવા ગુના શોધી કાઢવા પીસીબીની ટીમ કાર્યરત હતી ત્યારે પીસીબીના એએઅસાઇ મહિપાલસિંહ ઝાલા અને હેડ કોન્સ. ધનશ્યામસિંહ ચૌહાણ અને હરદેવસિંહ રાણાને બાતમી મળી હતી કે કુવાડવા ગામ નજીક વાંકાનેર ચોકડી પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર પસાર થવાની છે. આ માહિતી પરથી ટીમે વોચ રાખતાં જીજે ૨૭ બી.એલ. ૫૧૧૭ નંબરની બ્રેઝા કારને આંતરી લીધી હતી. તેની તલાસી લેતા કારના ડેસ્કબોર્ડમાં એરબેગની જગ્યામાં અને બ્રેક લાઇટની પાછળ ખાનામાં સંતાડેલો રૂા. ૮૪ હજારનો વિદેશી દારૂની ૩૩૬ બોટલ મળી આવતા પોલીસે કારમાં બેઠેલા પ્રવિણ ગીગાભાઇ વાળા (રહે. ગંજીવાડા શેરી નં. ૪૭માં ભાડે મુળ પીપળીયા ગામ તા. ધોરાજી) અને શૈલેષ બાવનજીભાઇ ઝાલાવડીયા (રહે. ક્રિષ્ના પાર્ક સોસાયટી શેરી નં. ૧૨, દોઢસો ફુટ રીંગ રોડ)ને પકડી લઇ દારૂ તથા કાર મળી રૂા. ૫,૮૪,૦૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.



આ ઉપરાંત બીજા દરોડામાં પીસીબીની ટીમને હજુ એક દારૂ ભરેલી બ્રેઝા કાર પાછળથી અમદાવાદ તરફથી આવતી હોવાની બાતમી મળતા બામણબોર ચેક પોસ્ટ પાસેથી જીજે-૧-એચ-૪૨૧૫ નંબરની બ્રેઝા કારને રોકી તલાસી લેતા તેમાંથી રૂા. ૯૭૩૦૦ ની વિદેશી દારૂની ૩૧૩ બોટલ મળી આવતા કેતન પરસોતમભાઇ વોરા (રહે. સંસ્કાર એવન્યુ એપાર્ટમેન્ટ, મવડી) ને પકડી લઇ દારૂ અને કાર મળી રૂા. ૫.૯૭ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. દારૂ પકડવાની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અનુસાર પીસીબી પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પીએઅસાઇ એમ. જે. હુણ, પી.બી. ત્રાજીયા, એએસઆઇ મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, હેડ કોન્સ. કિરતસિંહ, કરણભાઇ મારૂ, ધનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ, રાહુલગીરી, ગીરીરાજસિંહ, કોન્સ યુવરાજસિંહ, વિજયભાઇ, દેવરાજભાઇ, વાલજીભાઇ, નગીનભાઇ, અને હિરેનભાઇએ કરી હતી.

બૂટલેગરો અને સપ્લાયરો પોલીસથી બચવા માટે નીતનવા નુસ્ખાઓનો ઉપયોગ કરતાં હોય છે. પરંતુ પોલીસ આવી તરકીબોને નિષ્ફળ બનાવી દેતી હોય છે. આ દરોડામાં પણ બૂટલેગરોએ પોલીસની આંખમાં ધુળ નાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે બંને કારના ચોરખાનાઓમાં છુપાવી રખાયેલો છસ્સોથી વધુ બોટલ દારૂ શોધી કાઢી કાર્યવાહી કરી હતી.

આ ત્રણેય દારૂ ક્યાંથી લાવ્યા? કોને આપવાના હતા? કેટલા સમયથી હેરાફેરી કરી રહ્યા છે? તેની તપાસ થઇ રહી છે. તેમજ કાર કોની માલિકીની છે? તે પણ શોધી કાઢવા કાર્યવાહી આગળ ધપાવાઇ છે.

# રાજકોટમાં ડમી શાળાઓ પર થશે તવાઈ

## શિક્ષણ વિભાગે શિક્ષણ અધિકારીને આપ્યા આદેશ : ડમી શાળાઓના પગલે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પહોંચે છે અડચણ

રાજકોટ, તા. ૪


એક તરફ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ભાર વગરના ભણતર ની વાત કરી રહ્યું છે પરંતુ વાલીઓ તેમના સંતાનોને ઉચ્ચ અભ્યાસ કરવા અર્થે જે કોચિંગ ક્લાસમાં મોકલે છે તેનાથી ઘણા અન્ય પ્રશ્નો પણ ઊભા થાય છે JEE, NEET જેવા વિષયો ની પરીક્ષા માં ઉતીર્ણ થવા માટે અનેક એવા ક્લાસીસ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે જેમાં તેઓએ શાળાએ જવાનું ન હોય પરંતુ તેમનું નામ કોઈ એક શાળામાં બોલતું હોય જેને ડમી સ્કૂલ તરીકે ઓળખવામાં આવે છે.

મહત્વનું એ છે કે આજ દિન સુધી શિક્ષણ વિભાગ દ્વારા અનેકવિધ પ્રકારના પગલાઓ આ શાળાઓ પર લેવામાં આવ્યા છે પરંતુ ઘણા ખરા કિસ્સામાં એ કામ શક્ય બનતું નથી એટલું જ નહીં ડમી સ્કૂલના કારણે જે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર હોવું જોઈએ તેમાં પણ ઘણાખરા અંશે ઘટાડો થાય છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને સરકાર દ્વારા તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને આદેશ કરવામાં આવ્યા છે કે તેમના દ્વારા તેમના વિસ્તાર અને જિલ્લામાં એ શાળાઓને શોધે અને તેના પર આકરા પગલા લઈએ રાજયમાં આવેલી ડમી શાળાઓ સામે શિક્ષણ બોર્ડ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. આવી શાળાઓની તપાસ કરવા માટે શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ આપ્યો છે અને તપાસ દરમિયાન જો આવી શાળાઓ મળી આવે તો તેમની સામે કાર્યવાહી કરવા માટે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આથી હવે આગામી દિવસોમાં આવી ડમી શાળાઓ સામે કડક પગલા લેવામાં આવશે. પ્રાપ્ત વિગતો અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જિલ્લામાં ચાલતી ડમી શાળાઓ સામે તપાસ કરવા આદેશ કર્યો છે.

**વિશેષ ૪૨ અધિકારીઓ-કર્મચારીઓની બનાવાશે ટીમ જે આવતા સપ્તાહથી હાથ ધરશે ઝુંબેશ**

મોટાભાગે ધો.૧૦ નો અભ્યાસ પૂર્ણ કરીને વિદ્યાર્થીઓ કોચિંગ ક્લાસમાં જોડાય જતા હોય છે. વળી આ દરમિયાન તેમનું નામ ડમી વિદ્યાર્થી તરીકે શાળાઓમાં ચાલતું હોય છે, આવી ફરિયાદ ખુદ શિક્ષણ બોર્ડમાં એક બોર્ડના પૂર્વ સભ્યએ કરી છે. ત્યારબાદ શિક્ષણ વિભાગે આ તપાસનો આદેશ આપ્યો છે.

શિક્ષણ બોર્ડે પાઠવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, વિદ્યાર્થીઓ બોર્ડ ની પરીક્ષા પૂર્ણ કરી IIT, IIM, મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ ૧૦ની પરીક્ષા પૂર્ણ કર્યા બાદ સીધા જ કોચિંગ ક્લાસીસમાં જ પ્રવેશ લઈ લેતા હોય છે. જો કે બીજી તરફ આવા વિદ્યાર્થીઓ ડમી વિદ્યાર્થી બનીને ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં માત્ર કાગળ પર જ પ્રવેશ મેળવે છે. ડમી વિદ્યાર્થી તરીકે પોતાનું નામ ચાલુ રાખવા માટે શાળાઓ તોતિંગ ફી પણ વસૂલ કરતી હોય છે. આવી ડમી સ્કૂલોમાં શિક્ષકો કાગળો પર જ હોય છે. સૂત્રોનું કહેવું છે કે ગમે તેમ પહોંચ કરીને આ ડમી સ્કૂલના સંચાલકો ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાનું કેન્દ્ર પણ પોતાની શાળામાં મંજૂર કરાવી, વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ પરીક્ષા લીધા વગર પાસ કરી દેવાય છે. આમ ગુજરાતના શિક્ષણને લાંબા ગાળાનું નુકસાન થતું હોય તેની તપાસ માટે શિક્ષણ બોર્ડે આદેશ આપ્યા છે. ડમી વિદ્યાર્થીઓને લઈ અવાર-નવાર શિક્ષણ વિભાગ દ્વારા માત્ર તપાસ નાટક હાથ ધરાતું હોવાના શિક્ષણ નિષ્ણાતો દ્વારા આક્ષેપો કરાઈ રહ્યાં છે. કારણ કે, રાજ્યની સ્કૂલો જે નિયત સમયે ચાલે છે એ જ સમયે ગુજરાતના મોટા શહેરોમાં ચાલતા કોચિંગ ક્લાસમાં પણ હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. આ વિદ્યાર્થીઓના કોઈને કોઈ શાળામાં ડમી નામ ચાલતાં હોય છે. જો ખરેખરે ડમીકાંડ બંધ જ કરવો હોય તો સરકાર સીધી કોચિંગ ક્લાસમાં જ રેડ પાડી વિદ્યાર્થીઓને તેમની માતૃ સંસ્થા વિશે પૂછપરછ કરે તો આખાયુ કારસ્તાન સામે આવી જાય. પરંતુ સરકારના નેતાઓ તેમજ ઉચ્ચ અધિકારીઓના સંતાનો જ આ પ્રકારે ડમી સ્કૂલમાં પ્રવેશ મેળવતા હોવાના આક્ષેપ થઈ રહ્યાં છે.



### શહેરની અનેક શાળાઓ ડમી

સમગ્ર ગુજરાત રાજ્યની જો વાત કરવામાં આવે તો રાજકોટ ધીમે ધીમે શિક્ષણનું હબ બની રહ્યું છે ત્યારે અનેકવિધ ડમી શાળાઓનું દુષણ પણ રાજકોટમાં જોવા મળે છે ત્યારે આ દૂષણને દૂર કરવા અને વિદ્યાર્થીઓને બેઝિક નોલેજ મળી રહે તે માટે યોગ્ય શાળામાં જવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પણ આપવામાં આવતું હોય છે પરંતુ હાલની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે રાજકોટની ઘણી-ખરી શાળાઓ ડમી ચાલે છે કારણ કે તેઓને ખૂબ વધુ માત્રામાં ફી મળે છે ત્યારે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના બદલે નાણાને પ્રાધાન્ય આપતી ઘણી ખરી ડમી શાળાઓ પર હવે તપાસ હાથ ધરવામાં આવશે.

### તપાસ નિષ્પક્ષ થાય તે જરૂરી

ડમી શાળાઓને લઈને એકવાર નહીં અનેકવાર તપાસ કરવામાં આવી હતી પરંતુ જે યોગ્ય નિર્ણય આવો જોઈએ તે આવ્યો નથી ત્યારે હવે તજજ્ઞોના જણાવ્યા અનુસાર નિષ્પક્ષ રીતે તપાસ થાય તે ખૂબ જરૂરી છે તો જ આ દુષણ ને સરળતાથી દૂર કરી શકાશે અથવા તો જો નિષ્પક્ષ તપાસ નહીં થાય તો જે સ્થિતિ છે તે પણ વધુ વણસી શકશે.

**વિવિધ શાળાઓના દસ્તાવેજો સહિત અનેક સાહિત્યની થશે તપાસ, શંકાસ્પદ લાગતા જ હાથ ધરવામાં આવશે કાર્યવાહી: તપાસ અંગેનો રિપોર્ટ મોકલાશે સરકારમાં**

# સાયબર ક્રાઈમ ડિટેક્ટ કરવામાં સાયબર લેબની મહત્વની ભૂમિકા : ગૃહમંત્રી

## અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ અને રૂ.૨૯૨૬ લાખના ખર્ચે ૧૦૮ પોલીસ આવાસનું કરાયું લોકાર્પણ

રાજકોટ મિરર, તા.૪

રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ શહેરમાં નવનિર્મિત અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ તેમજ માઉન્ટેડ પોલીસ લાઇન ખાતે રૂ.૨૯૨૬ લાખના ખર્ચે નિર્મિત બી-કક્ષાના ૧૦૮ પોલીસ આવાસોનું લોકાર્પણ આજે કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રીએ લેબ અને આવાસોનું નિરીક્ષણ કરતા જરૂરી સૂચનો કર્યા હતાં.

મંત્રી હર્ષ સંઘવીએ આ તકે જણાવ્યું હતું કે અત્યારના સમયમાં ટેકનોલોજીનો અસામાજિક પ્રવૃત્તિઓમાં દુરુપયોગ થઈ રહ્યો છે. ત્યારે સાયબર ક્રાઇમ ડિટેક્ટ કરવામાં સાયબર લેબ મહત્વની ભૂમિકા ભજવશે. આધુનિક યુગમાં ડીજીટલ ફ્રોડની વધતી ચેલેન્જને પહોંચી વળવા રાજ્યની સાયબર ટીમ સતત પ્રયાસો કરી રહી છે. સાયબર ક્રાઈમને રોકવા જાગરૂકતા સંબંધી કાર્યક્રમોનો વધુ અને સચોટપણે ઉપયોગ કરવા પર તેમણે આ તકે ભાર મૂક્યો હતો. ફાઇનાન્સિયલ અને સોશિયલ લોસની રિકવરી કરીને ડીજીટલ હેરેસમેન્ટના કેસોના નિરાકરણની કામગીરીમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્ય સરકાર સામેના ફાઇનાન્સિયલ ક્રાઈમ અને સોશિયલ ક્રાઇમના પડકારને અંકુશમાં લાવવા આધુનિક

ટેકનોલોજીસભર સાયબર લેબ સમયની જરૂરિયાત છે. રાજકોટ પોલીસ દ્વારા ચારથી પાંચ સોફ્ટવેર પણ ડિજિટલ ક્રાઇમ અટકાવવા માટે બનાવાયા છે. જેનાથી ગુનાખોરી નિવારવામાં મદદરૂપ સાબિત થશે.

મંત્રીએ દાતાઓ સાથે ચર્ચા કરીને સાયબર લેબ માટે ઉદાર હાથે દાન આપવા માટે આભાર વ્યક્ત કર્યો



હતો.

રાજકોટ ક્રાઇમ ડી.સી.પી. ડો. પાર્થરાજસિંહ ગોહિલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, રેન્જ આઇજીપી અશોકકુમાર યાદવ, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા અને સજ્જનસિંહ પરમાર અને ટ્રાફિક ડી.સી.પી. પૂજા યાદવ, પી.આઇ. એમ. એ. ઝણકાટ, તેમજ ભાજપ અગ્રણી મૂકેશભાઈ દોશી, રાજુભાઈ ધ્રુવ, માધવભાઈ દવે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### દાણાપીઠમાં ભાડુઆતનું સન્માન કરતા ગૃહમંત્રી સંઘવી

દાણાપીઠમાં વકફ બોર્ડના ઓર્ડર બાદ ભાડુઆતને બળજબરી પૂર્વક દુકાન ખાલી કરાવવા કરેલા કૃત્યના ગૃહવિભાગ સુધી પડઘા પડયા બાદ પોલીસે કાયદેસરની કાયેવાહી કરી આરોપીઓની ધરપકડ કરી હતી. અને ભાડુઆતને દુકાન પરત કરાવી દુકાનખાલી કરાવનાર સામે કાયદાકીય પગલાં લીધા હતા. બાદ આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દાણાપીઠ ખાતે પહોંચ્યા હતા અને દુકાનના ભાડુઆતનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.



# વેરા વસુલાત વિભાગની એકને ગોળ, એકને ખોળ જેવી નીતિ

## સામાન્ય મિલકત ધારક વેરો ન ભરે તો તેમની મિલકત થાય છે સીલ જ્યારે અનેકવિધ સરકારી કચેરી દ્વારા કરોડો રૂપિયાનો વેરો હજુ ભરવાનો બાકી છતાં કોઈ એક્શન નહીં

## ગઈકાલે ૧૯ મિલકતોને કરવામાં આવી સીલ સામે ૩૮ લાખથી વધુની આવક : ૪૧૦ કરોડના લક્ષ્યાંકનને પહોંચવા સરકારી વિભાગનો વેરો મળવો ખૂબ જરૂરી

રાજકોટ, તા. ૪

રાજકોટ મહાનગરપાલિકા તેના વેરાનો જે ટાર્ગેટ આપવામાં આવેલો છે તે ટાર્ગેટને પહોંચી વળવા માટે હાલ તમામ સંપાત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ હાલ ૪૧૦ કરોડ રૂપિયા માટેનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે જેમાં ગઈકાલ સુધીમાં કુલ ૩૩૩ કરોડ સુધીનો વેરો મહાનગરપાલિકાએ વસૂલ્યો છે ત્યારે સંબંધિત વિભાગના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર હવે બાકીની રકમને પૂર્ણ કરવા માટે ખૂબ કપરા ચડાણ સર કરવા પડશે કારણ કે સરકારી વિભાગનો જે વેરો છે તે હજુ ભરવાનો બાકી છે અને તેની ઘટના કારણે હાલ ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે બીજી તરફ ટાર્ગેટને પહોંચી વળવા માટે વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ એ તમામ મિલકત ધારકો ઉપર ધોકા પછાડે છે કે જેના બાકી માંગણું ખૂબ ઓછું હોય. આ અંગે વિભાગના અનેકવિધ અધિકારીઓ તથા કર્મચારીઓએ અસંતોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે જો હાલનો જે લક્ષ્યાંક આપવામાં આવ્યો છે તેને પહોંચી વળવું હોય તો સરકારી વિભાગો ના બાકી લેણા પૂર્ણ થાય તે ખૂબ જરૂરી છે તો પણ જે નિર્ધારિત કરવામાં આવેલો ટાર્ગેટ છે તેને તો નહીં પહોંચી શકાય પરંતુ ટાર્ગેટની નજીક ચોક્કસ આંકડો પહોંચી શકે છે હાલ આ તમામ મુદ્દાને ધ્યાને લઈને ઘણા ખરા એવા પ્રશ્નો ઊભા થયા છે જેનું નિવારણ લાવવું ખૂબ જરૂરી અને આવશ્યક છે. અડધી માહિતી મુજબ વેરા વસુલાત વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકારી વિભાગોને એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે સાથોસાથ તેઓને તાકીદ પણ કરવામાં આવી છે કે તેમના દ્વારા તેમનો જે બાકી વેરો જે વર્ષો જૂનો છે તેને ભરવામાં આવે.



લોકો અને તજજ્ઞોનું માનવું છે કે જ્યારે કોઈ એક મિલકત ધારક તેમનો વેરો ન ભરતો હોય તો તેમની મિલકતને સીલ કરી દેવામાં આવે છે અથવા તો નળ જોડાણ કાપી નાખવામાં આવતું હોય છે પરંતુ સરકારી વિભાગની અનેકવિધ કચેરીઓ દ્વારા હજુ પણ જે વેરો ભરવામાં આવ્યો નથી તેના પર કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા ન હોવાનું માલુ પડી રહ્યું છે તેની પાછળનું શું કારણ હોય તેનો કોઈ અંદાજો નથી પરંતુ તજજ્ઞોનું માનવું છે કે ખરા અર્થમાં મહાનગરપાલિકાના વિભાગે સરકારી વિભાગો ઉપર આંકડા પગલાં અને દંડાત્મક પગલાં લેવા જોઈએ જેથી યોગ્ય વ્યવસ્થા ઊભી થઈ શકે અને સમયસર વેરો ભરવામાં આવે. ગઈકાલે મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ દ્વારા જે વસૂલાત કરવામાં આવી તેમાં કુલ ૨૦ મિલકતોને સીલ કરવામાં આવી હતી અને ૩૮ લાખની રિકવરી પણ કરવામાં આવી. ગઈકાલે મહાનગરપાલિકાની વેરા વસુલાત વિભાગ દ્વારા અનેકવિધ વોર્ડમાં તમારી બોલાવવામાં આવી જેમાં વોર્ડ નંબર ત્રણમાં સર્વાધિક મિલકતો પર તપાસની સાથોસાથ એક્શન લેવામાં આવ્યા હતા હવે જરૂરી એ છે કે જ્યાં સુધી સરકારી વિભાગ દ્વારા વેરો ભરવામાં નહીં આવે ત્યાં સુધી મહાનગરપાલિકાના વેરા વસલા વિભાગને ટાર્ગેટ સુધી પહોંચવું ખૂબ કબરૂ અને અશક્ય સાબિત થશે. વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓનું પણ માનવું છે કે હવે વસુલાત કરવી ખૂબ કપરી છે કારણ કે જ્યાં સુધી ખૂબ મોટો આંકડો વસૂલાતમાં નહીં આવે તો ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકે છે અને હવે સામાન્ય મિલકત ધારકો પાસેથી વેરો વસૂલવો થોડા ઘણા અંશે અશક્ય અને અઘરો છે.

### સરકારી વિભાગ પર શું કાર્યવાહી કરવી તે સૌથી મોટો પ્રશ્ન

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ દ્વારા હાલ વસૂલીને લઈને સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે જરૂરી એ છે કે હાલ જે સરકારી વિભાગ દ્વારા વર્ષો જૂના પેન્ડિંગ વેરો ભરવાનો બાકી રહ્યો છે તે વિભાગ જ્યારે વેરાડી ભરપાઈ કરશે તો જ શક્ય બનશે પરંતુ મહત્વનું એ છે કે હાલ આ તમામ વિભાગ પર શું પગલાં ભરવામાં આવે તેનો કોઈ તાજો નથી ઊલટું વેરાવસુલા વિભાગ સામાન્ય મિલકત ધારક જો ન જીવો વેરો ન ભરે તો તેમની મિલકતોને સીલ કરી દેવામાં આવે છે પરંતુ વિવિધ સરકારી વિભાગો દ્વારા કરોડો રૂપિયાનો વેરો હજુ સુધી ભરવામાં આવ્યો નથી પરંતુ તેના પર કોઈ નક્કર પગલા લેવામાં આવતા ન હોવાની વાતે જોર પકડ્યું છે.

# ભાવનગરમાં વર્ષોથી રહેતા નાગરિકોને ઘરવિહોણા કરવાની પેરવી સામે ગજબનો જનાક્રોશઃ નીકળી રેલી

## જશોનાથ ચોક ખાતેથી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને કાર્યકારી અધ્યક્ષ જીજ્ઞેશભાઈ મેવાણીની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં અસરગ્રસ્તો જોડાયા

રાજકોટ મિરર, ભાવનગર તા.૪

ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોના મકાનો તોડી પાડવાની ભારતીય જનતા પાર્ટીની મહાનગરપાલિકા તેમજ સરકાર દ્વારા જે નિર્ણય કર્યો છે તે સંપૂર્ણ અન્યાયકર્તા છે. વર્ષોથી જે લોકો ભાવનગરમાં વસવાટ કરે છે તેવા લોકોને સુપ્રીમ કોર્ટના વારંવારના અવલોકનો મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યા વગર તોડી પાડવા તે અમાનવીય અને હાડમારી ઉભી કરનારું છે.





આવા અસરગ્રસ્ત લોકોને ન્યાય મળે તે માટે અને તેમની વ્યથા ઉજાગર થાય તે માટે ભાવનગર કોંગ્રેસ સમિતિ તથા અસરગ્રસ્તોની બનેલી સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે શુક્રવારના રોજ એક વિશાળ રેલી ભાવનગરમાં નીકળી હતી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ રેલીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશભાઈ મેવાણી, એસ.સી. વિભાગના પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, દિલીપસિંહ ગોહિલ તથા ભાવનગર શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં આમજનતાની સાથે પદયાત્રા કરીને કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવા આવ્યું હતું. બિનજરૂરી મકાન ના તોડવા અને અતિ આવશ્યક હોય તો વૈકલ્પિક વ્યવસ્થા આપવી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરીને પછી મકાન હટાવવા માંગણી કરવામાં આવી હતી. જો અન્યાય થશે તો ઉગ્ર આંદોલન થશે તેમ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

---

રાજયના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી

# કરુણા અભિયાન અંતર્ગત જીલ્લા કલેકટરના હસ્તે શરુ કરાશે ૯ કંટ્રોલ રૂમ

### મુખ્યમંત્રીએ "કરુણા અભિયાન૨૦૨૫"ને શુભેચ્છા પાઠવી, રૂબરૂ આવવાની પણ શક્યતા







રાજકોટ મિરર, તા.૪

મકર સંક્રાંતીએ પતંગનાં દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે 'કરુણા અભિયાન -૨૦૨૫ અંતર્ગત કંટ્રોલરૂમનો રાજકોટનાં જીવદયા પ્રેમી કલેક્ટર પ્રભવ જોષીનાં માર્ગદર્શનમાં થશે. જેમાં ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલય, નેશનલ એડવાઈઝરી કમિટીના મિતલ ખેતાણી, સમસ્ત મહાજનના ડો. ગીરીશભાઈ શાહ એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા, ચંદ્રકાન્તભાઈ શેઠ, ડો. માધવ દવે, જયેશ ઉપાધ્યાય, ચંદેશભાઈ પટેલ, રાહુલ ખીવસરા, ડો. શૈલેષ જાની, કેતન બોરીસાગર તથા સાથી ટીમ પણ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપશે. કરૂણા અભિયાનમાં રાષ્ટ્રસંત નમ્રમૂનિ મહારાજ સાહેબની પ્રેરણા અને આર્શીવાદ પ્રાપ્ત થયા છે તથા સમસ્ત મહાજન, અર્હમ યુવા સેવા ગ્રુપ, વર્ધમાન યુવક ગ્રુપ, જૈન સોશ્યિલ ગ્રુપનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે. 'કરૂણા અભિયાન'માં જુનાગઢ વેટરનરી કોલેજ તથા આણંદ વેટરનરી કોલેજ, નવસારી વેટરનરી કોલેજ, દાંતીવાડા વેટરનરી કોલેજના નિષ્ણાંત તબીબોનો સહયોગ પ્રાપ્ત થયો છે.

કરૂણા ક્ષઉન્ડેશન ટ્રસ્ટએનીમલ હેલ્પલાઈન રાજકોટનાં ડો.નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, ડો. અરૂણ ઘીયાડ, ડો. અરવિંદ ગડારા, ડો. હિરેન વીસાણી, ડો. રાજીવ સીંહા તથા સાથી ટીમનાં ૫૦ તબીબો પોતાની સેવા આપશે.

મકર સંક્રાંતીએ પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તા.૧૩, તા.૧૪ તથા ૧૫ જાન્યુઆરી મકર સંક્રાંતીનાં રોજ રાજકોટના (૧) ત્રિકોણબાગ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૨) બાલક હનુમાન મંદિર પાસે, પેડક રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) (૩) આત્મીય કોલેજ પાસે, કાલાવડ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૪) કિશાનપરા ચોક, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૫) અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪) તથા (૬) સંસ્થાની કાયમી, નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઇન વેટરનરી હોસ્પિટલ (જુની શ્રીજી ગૌશાળા, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, હોટલ ક્રિષ્નાપાર્ક વાળો સર્વિસ રોડ, ગોંડલ રોડ, વાવડી, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪), (૭) મોદી સ્કૂલ, પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ (ફોન નં.૦૨૮૧૨૪૫૭૦૧૯), (૮) શેણી મેમોરીયલ ટ્રસ્ટ (એનીમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪), (૯) હનુમાન મઢી પાસે, કેન્સર હોસ્પીટલની સામે, રાજકોટ ખાતે એમ કુલ વિશેષ કંટ્રોલરૂમ સવારે ૯ થી રાત્રીના ૭ સુધી શરૂ કરાશે. 'કરૂણા અભિયાન ૨૦૨૫' અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) તથા એનીમલ હેલ્પલાઇન (મો-૯૮૯૮૦૧૯૦૫૯/૯૮૯૮૪૯૯૯૫૪) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો.

---

# કાલે મહાન તપસ્વી ગુરુ ગોવિંદસિંહ જન્મજયંતી



રાજકોટ મિરર, તા.૪

૬ જાન્યુઆરીએ ધાર્મિક સામાજિક ચેતનાના પૂંજ, મહાન તપસ્વી, મહાન યોદ્ધા, મહાન કવિ, રાષ્ટ્રીય એકતાનો આદર્શ આપનાર, ભકિત અને શકિતનો સુમેળ સાધી પ્રજામાં સ્વાભિમાન અને સ્વધર્મ સન્માન માટે મરી ફીટવાની ભાવના જગાડનાર, સર્વવંશદાની એવા શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહજીનો ૩૫૮ મો જન્મદિવસ છે. તેમણે ભારતના પૂર્વાચલમાં ગંગાતટે સ્થિત ઐતિહાસિક નગર પાટલીપુત્ર-પટનામાં માતા ગુજરીજી અને પિતા ગુરુ તેગબહાદુરજીને ત્યાં જન્મધારણ કર્યો અને દક્ષિણમાં નંદગિરિ-નાંદેડમાં દેહલીલા સંકેલી. ઉત્તરમાં હિમાલયની શ્રુંખલાઓમાં આવેલ હેમકુટથી લઈ દક્ષિણમાં ગોદાવરીના તટ સુધી તેમની જીવનયાત્રાનાં પ્રસંગો વણાયેલા છે. તેમની જીવનયાત્રા વાસ્તવમાં ભારતની વિવિધતામાં સમાયેલી ભાવનાત્મક એકતા, સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રીયતાનું પ્રતીક છે. તેમણે દેશની પ્રજાને અત્યાચારોમાંથી મુક્તિ અપાવવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા જયારે તેમને ખાતરી થઈ કે માત્ર ભકિત કે બલિદાન દ્વારા ધર્મનું રક્ષણ નહીં થઈ શકે ત્યારે ભકિત સાથે શકિતનો સુમેળ સાધ્યો અને એક એવી પ્રજા તૈયાર કરવાની શરૂઆત કરી જે અન્યાય અને અત્યાચારનો સામનો પૂરી શૂરવીરતાથી કરે.

તે એક મહાન કવિ હતા. તેમણે પંજાબી, ફારસી, અવધિ, વ્રજ જેવી ભાષાઓની રચના કરી છે. તેમની રચનાઓમાં જાપસાહેબ, ચોબીસ અવતાર, વિચિત્ર નાટક, શસ્ત્ર નામ માલા જેવી અનેક રચનાઓ છે. દસમ ગ્રંથ ગુરુજી દ્વારા રચિત મહાન ગ્રંથ છે. તેમની રચનાઓમાં ઈશ્વરની સ્તુતિ છે. તેઓ કહેતા કે 'વચન કર કે પાલના' એટલે કે જો તમે કોઈને વચન આપ્યું છે તો તેને દરેક કિંમતે નિભાવવુ જોઈએ, 'કોઈની નિંદા, ચાડી અતે ઈર્ખા નૈ કરના' એટલે કોઈની ચુગલી કે નિંદા કરવાથી આપણે બચવુ જોઈએ અને કોઈની ઈર્ષા કરવાને બદલે મહેનત કરવાથી ફાયદો થાય છે, 'કમ કરન વિચ દરીદાર નહી કરના' અર્થાત કામમાં ખૂબ મહેનત કરો અને કામને લઈને બેદરકારી ન રાખો.

દસમી પાતશાહી એટલે શ્રી ગુરુ ગોવિંદસિંહજી મહારાજ વિષે આજે પણ એવી માન્યતા છે કે તેઓ ક્યારેય મૃત્યુ પામ્યા જ નથી.

આજે પણ તેઓ હાજરાહજૂર છે. એક દિવસ એક જંગલમાં તેઓ પોતાના ઘોડા સાથે જ અલોપ થઈ ગયા અને ત્યારબાદ તેમનાં દર્શન કોઈને થયા નથી છતાં આજે પણ લોકો તેમની પૂજા કરે છે અને તે દુનિયામાં હાજર જ છે તેવું માને છે. શીખ ધર્મમાં કલગીધર મહારાજને ખુબ માન આપવામાં આવે છે.

---

# રાજકોટના કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈનને અપાશે હાઈડ્રોલિક ઍમ્બ્યુલન્સ

### શરદભાઈ શાહ, જીજ્ઞા સુધાબેન કનૈયાલાલ શાહ હસ્તે નેકા, રેઆ (અંધેરી-મુંબઈ) પરિવાર કરશે અનન્ય સેવા








રાજકોટ મિરર, તા.૪

શતાધિક ધર્મસ્થાનક નિર્માણ ધીરજમુનિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે હાઇડ્રોલિક ઍમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવશે. શતાધિક ધર્મસ્થાનક નિર્માણ ધીરજમુનિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે શરદભાઈ શાહ, જીજ્ઞા સુધાબેન કનૈયાલાલ શાહ પરિવાર હસ્તે નેકા, રેઆ (અંધેરી-મુંબઈ) દ્વારા રૂ. ૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલ હાઇડ્રોલિક ઍમ્બ્યુલન્સનું તા. ૦૪ ,જાન્યુઆરી, શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે, જશ-પ્રેમ-ધીર સંકૂલ, વૈશાલી નગર-૪, રૈયા રોડ, રાજકોટ ખાતે લોકાર્પણ કરવામાં આવશે.

હાઈડ્રોલીક એમ્બ્યુલન્સની વિશેષતા એ છે કે, ૫૦૦ કિલો સુધીના વજન ધરાવતા પશુઓને ઉંચકી શકે છે, ગાય, ભેંસ, બળદ, ગધેડા જેવા ભારે વજન ધરાવતા પશુઓ છે જેઓ બીમાર હોય, એકસીડન્ટ થયેલ હોય, તેની હેરફેર કરવી પડે તેમ હોય, હોસ્પિટલ ખસેડવા પડે તેમ હોય, તેમના માટે કોઈ વ્યવસ્થા જ નથી તેમની સારવાર માટે સુપર સ્પેશ્યાલીસ્ટ હાઈડ્રોલીક એમ્બ્યુલન્સ ખૂબ જ ઉપયોગી થશે, એ સિવાય કુવા, તળવા, ડેમ, ઉંડા ખાડાઓમાં કોઈ પશુ પડી જાય તો તેને બહાર કાઢવા માટે તેના સ્પેશ્યલ હાઈડ્રોલીંક એમ્બ્યુલન્સમાં ૧૦૦ ફૂટની હાઈડ્રોલીંક ચેઈન બેસાડવામાં આવેલ છે. જેની મદદથી પશુઓને બહાર કાઢી શકાશે, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઇન, રાજકોટ દ્વારા ભૂતકાળમાં ઘણા રેસ્કયુ હાઈડ્રોલીંક એમ્બ્યુલન્સ દ્વારા કરવામાં આવ્યા છે અને અબોલ પશુઓના જીવ બચાવવામાં સંસ્થા નિમીત બની છે. અત્રે ઉલેખનીય છે કે, ભારતની નિઃશુલ્ક પશુ પક્ષી સારવાર ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા તેમજ ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ ઍવોર્ડ વિજેતા સંસ્થા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈન, રાજકોટમાં છેલ્લા ૨૧ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુપંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૧ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૧૨ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૧ એમ્બ્યુલન્સ તેમજ ૩ બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે.હાઇડ્રોલિક ઍમ્બ્યુલન્સ લોકર્પણનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, પારસભાઈ ભરતભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠકકર સહિતનાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩ ) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે,

---

# શાળા નં ૯૩ માસ્પોર્ટ્સ અને યોગા ટીચર સ્પેશિયલ એજ્યુકેટરની જગ્યા માટે અરજી મંગાવતું તંત્ર

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પીએમ વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં ૯૩ નાનામાવા મોકાજી સર્કલ રાજકોટ ખાતે બીપીએડ કે માસ્ટર ઈન યોગામાં કે સ્પોર્ટ્સ અથવા યોગામાં ડીગ્રી ધરાવતા ઉમેદવારની અરજી મંગાવવામાં આવી છે. તથા દિવ્યાંગ તથા વિકલાંગ સ્પેશિયલ નીડ ધરાવતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકે એવા સ્પેશિયલ એજ્યુકેટરની જગ્યા ખાલી છે. માનનીય કલેક્ટરની કચેરી દ્વારા આ જગ્યા પર ઉમેદવાર નિમવામાં આવશે. સ્પેશિયલ એજ્યુકેશનમાં બીએડ કે વિકલાંગ વિદ્યાર્થી ઓને શિક્ષણ આપવાની તાલીમ લીધેલી હોય એવા ઉમેદવારએ તા. ૫ જાન્યુઆરી સુધીમાં અરજી કરવી. પગાર ધોરણ તથા સમય શાળા પર ચર્ચા કરવામાં આવશે. આ ભરતી પીએમનાં પ્રોજેક્ટ અંતર્ગત વર્ક ઓર્ડર આપી માનદ વેતન પર કરવામાં આવશે. આ માટે રસ ધરાવતા ઉમેદવારએ પોતાના ડોક્યુમેન્ટ સાથે લેખિત અરજી શાળા પર રુબરુ આપી જવા અનુરોધ કરાયો છે.

---

# દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે કસી કમર

### પાર્ટીએ તેનો ગેરંટી પત્ર લગભગ તૈયાર કરી લીધો છે અને તે ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે



નવીદિલ્હી, તા. ૪

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી છે. સત્તામાં વાપસી માટે કોંગ્રેસ પાર્ટી પુરી તાકાત સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. પાર્ટીએ તેનો ગેરંટી પત્ર લગભગ તૈયાર કરી લીધો છે અને તે ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે, કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ તેને ૬ જાન્યુઆરીથી તબક્કાવાર રીતે લોન્ચ કરશે. કોંગ્રેસની ટ્રેડમાર્ક ગેરંટી શરૂ કરશે. આ સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં પણ કોંગ્રેસનો પ્રચાર શરૂ થશે. એક દિવસ પહેલા ભાજપે પણ ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દિલ્હીમાં રેલી યોજીને સત્તારૂઢ અઅડ઼ પર નિશાન સાધ્યું હતું.

આ પહેલા દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ પણ પોતાના તમામ ઉમેદવારો જાહેર કરી દીધા છે અને સતત મોટી ગેરંટી જાહેર કરી રહી છે. હવે કોંગ્રેસ પણ તેની ગેરંટી સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ પ્રિયંકા ગાંધી સહિત પાર્ટીના ટોચના નેતાઓ દિલ્હીના લોકોને રીઝવવા માટે મફત યોજનાઓની જાહેરાત કરી શકે છે, સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ દિલ્હીના લોકોને પાંચ મોટી ગેરંટી આપશે. આ ગેરંટી ૬ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી તબક્કાવાર લોન્ચ કરવામાં આવશે.

દિલ્હીની આગામી ચૂંટણીમાં કોંગ્રેસને જોરદાર ટક્કરનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૧૩ સુધી સતત ૧૫ વર્ષ સુધી સત્તામાં રહ્યા પછી, ભવ્ય પાર્ટી રાષ્ટ્રીય રાજધાનીમાં પગ જમાવવા માટે સંઘર્ષ કરી રહી છે. પાર્ટી છેલ્લી બે વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક મેળવવામાં નિષ્ફળ રહી છે, જે અઅડ઼ના વર્ચસ્વ અને ભાજપની દ્રઢતાના કારણે અવરોધાય છે.

આ ચૂંટણીમાં કોંગ્રેસ, અઅડ઼ અને ભાજપ વચ્ચે ત્રિકોણીય મુકાબલો જોવા મળી રહ્યો છે. ભારતમાં વિરોધ પક્ષો સાથી હોવા છતાં, કોંગ્રેસ અને અઅડ઼ દિલ્હીમાં એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસે અત્યાર સુધીમાં ૭૦ સભ્યોની વિધાનસભા માટે ૪૮ ઉમેદવારોની જાહેરાત કરી છે, જેમાં ત્રણ યાદી બહાર પાડવામાં આવી છે. શુક્રવારે, તેણે જાહેરાત કરી કે વરિષ્ઠ નેતા અલકા લાંબા કાલકાજી મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે, જ્યાં તેનો સામનો અઅડ઼ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી આતિષી સાથે થશે.

**આ છે પાંચ વચનો**

- મહિલા મતદારો પણ કોંગ્રેસના ફોકસમાં છે. જો તેઓ દિલ્હી ચૂંટણી જીતશે તો પાર્ટી મહિલાઓને દર મહિને ૨૫૦૦-૩૦૦૦ રૂપિયા આપવાનું વચન આપવા જઈ રહી છે.
- દિલ્હીમાં પણ કોંગ્રેસ બધા માટે સ્વાસ્થ્ય વીમાને લઈને મોટું વચન આપશે. જો કે, યોજનાના લાભો અંગે કેટલીક શરતોનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે.
- કોંગ્રેસ પહેલીવાર બેરોજગાર મતદારોને રીઝવવા માટે મોટો જુગાર રમવા જઈ રહી છે. પાર્ટી બેરોજગાર યુવાનો માટે એપ્રેન્ટિસશીપ સ્કીમની જાહેરાત કરી શકે છે.
- કોંગ્રેસ ચૂંટણી જીતે તો લેબર ક્લાસ ઈન્કમ ગેરંટી સ્કીમની પણ જાહેરાત કરી શકે છે.
- શહેરી ગરીબો માટે કોંગ્રેસ મોટી જાહેરાત કરવા જઈ રહી છે. પાર્ટી અઅડ઼માંથી તેની પરંપરાગત વોટ બેંક પાછી મેળવવા માટે બધા માટે રાશન પર વિચાર કરી રહી છે.